# અધ્યાત્મ

**આધ્યાત્મિક વિકાસની નવી જ ક્ષિતિજ ખોલતું ગુજરાતી માસિક**

છૂટક નકલ ૮-૦૦ વાર્ષિક લવાજમ દેશમાં રૂા. **૨૫/–** આજીવન **૨૫૧/–**

વિદેશમાં વાર્ષિક રૂા. **૫૦૦/** (વિમાનથી) આજીવન **૫૦૦૦/–**

- **સંસ્થાપક : પ. પૂ. યોગેશ્વરજી** સર્વમંગલ ચે. ટ્રસ્ટ સ્વર્ગારોહણ, દાતારોડ, **અંબાજી,** ૩૮૫૧૧૦).
- **તંત્રી–સંપાદક** : શ્રી નારાયણ હ. જાની.
- **પ્રકાશન અને પ્રાપ્તિસ્થાન** : ૬ વૃંદાવન ફ્લેટ્સ, હવેલી પાસે આતાભાઇ ભાવનગર–૧. ફોન : **૨૫૭૨૫૦૨, ૨૫૬૫૮૧૧**
- ADHYATMA email Addres: adhyatma_editor@yahoo.co.in
- You can know about Shree Mahatmaji & Shree Maa from Website “SWARGAROHAN.ORG”
- **અધ્યાત્મના સહાયક સ્વજનો** : ૧. શ્રીગોરધનભાઇ કલોલા (કલ્યાણ) ૨. શ્રી જ્યોત્સ્નાબેન બી.ત્રિવેદી. ૩. શ્રી આશીષ ગોહિલ–avgohil1@gmail.com
- **તંત્રી, મુદ્રક અને પ્રકાશક** : નારાયણ હ. જાની.
- **મુદ્રણસ્થાન** : રાધેશ્યામ પ્રિન્ટીંગ પ્રેસ, LIG167, આનંદનગર, ભાવનગર-૫


**★ લેખકોને નિમંત્રણ ★**

- અધ્યાત્મમાં લેખો, ભજનો કે ગીતો મોકલાવવા લેખકોને નિમંત્રણ છે. અધ્યાત્મની ભાવનાને અનુરૂપ જ લેખો સ્વીકારવામાં આવશે.
- લખાણ કાગળની એક બાજુ ને સારા મોટા અક્ષરે લખેલું હોવું જરૂરી છે.

**★ અધ્યાત્મ અંગે સૂચનો ★**

- ગ્રાહકોને ગ્રાહક નંબર સરનામા સાથે લખવામાં આવે છે તે નોંધી લેવો.
- ‘અધ્યાત્મ’ જો આપને ગમ્યું હોય તો આપના પરિચિત વર્ગમાં તેના ગ્રાહકો વધે તેવું આપ કરતાં રહેશો.
- લવાજમ માટે મનીઓર્ડર, ડીમાન્ડ ડ્રાફ્ટ ‘સર્વમંગલ ચેરિટેબલ ટ્રસ્ટ’ના નામનો શ્રીનારાયણ હ. જાની, ૬ વૃન્દાવન ફ્લેટ, હવેલી પાસે, આતાભાઇ, ભાવનગર(ફોન-૨૫૭૨૫૦૨)ને મોકલવા વિનંતી છે.
- ‘અધ્યાત્મ’ દર માસની ૧૭ તારીખે પ્રસિદ્ધ થશે. કોઇ કારણે એકાદ અઠવાડિયા સુધી અંક ન મળે તો સ્થાનિક ટપાલ કચેરીમાં તપાસ કર્યા પછી અત્રે જણાવવું. સિલિકમાં હશે તો જરૂર મોકલી અપાશે.
- પત્રવ્યવહાર કરતી વખતે ગ્રાહક નંબર લખવાથી વધુ સરળતા રહેશે.
- **આ અંકના ટાઇટલ પેઇજ સાથે કુલ પાના ૬૮.**

**You can know about Shree Mahatma Yogeshwarji & Shree Maa Sarweshwari from Website ‘swargarohan.org’**

## અનુક્રમણિકા


| | | |
|---|---|---|
| સદ્ભાવભરી અમૂલ્ય સહાય | મા સર્વેશ્વરી | ૩ |
| સ્વર્ગારોહણના દ્વારે પાણીની સુવિધા | સેવક ટ્રસ્ટી | ૪ |
| ઈશ્વર સૌના ગુરુ છે | યોગેશ્વરજી | ૫ |
| શ્રી યોગેશ્વર કથામૃત | મા સર્વેશ્વરી | ૮ |
| ગાયત્રી મંત્રનો અર્થ સમજીએ | વિનોબા | ૧૨ |
| પૂ.શ્રીમાના પ્રાગટ્ય તીર્થની સંકીર્તન યાત્રા | રાજુ જાની | ૧૯ |
| પ.પૂ. શ્રી રણછોડદાસજીના પ્રેરક પ્રસંગો | સંક્ષેપ પરમાર્થી, દમયંતી સેજપાલ | ૨૦ |
| મનના જમણવારની વાનગીઓ | જ્યોતિ થાનકી | ૨૪ |
| ઝાંઝવા | સુધા મૂર્તિ | ૩૧ |
| ચશ્માંની જોડ | ડૉ. આઇ. કે. વિજળીવાળા | ૩૭ |
| મા સર્વેશ્વરીની રોમ યાત્રા | મા સર્વેશ્વરી | ૪૨ |
| મહાપાપી | ધૂમકેતુ | ૪૭ |
| સમયસર પધારો પ્રભુ(કાવ્ય) | દક્ષેશ કોન્ટ્રાક્ટર ‘ચાતક’ | ૫૨ |
| સેવામૂર્તિ નિવેદિતા ભગિની | મકરંદ દવે | ૫૩ |
| તૃષ્ણા દુઃખની માતા | ગુણવંત શાહ | ૫૭ |
| રસેશ્વરી | શ્રી યોગેશ્વરજી | ૬૧ |

# સદ્‌ભાવભરી અમૂલ્ય સહાય

પરમ પૂજ્ય શ્રી ગુરુદેવ પ્રભુ,

પ્રણામ હો, પ્રણામ હો, પ્રણામ હો.

આપના પુનિત સ્પર્શે વિદેશની ધરતી ઉપર કેનેડા–ટોરન્ટોમાં ૧૯૮૧ ના ડીસેમ્બરમાં શ્રી યોગેશ્વર ધ્યાન કેન્દ્રનો પ્રાદુર્ભાવ થયો.

મા સર્વેશ્વરીની નિયમિત થતી વિદેશયાત્રાથી શ્રી યોગેશ્વર યુવા કેન્દ્ર પણ પ્રારંભ પામ્યું.

આપે અમને જગાડ્યા, વ્યસન મુક્ત કર્યા, પવિત્ર પંથે પગલા ભરતા થયા અને શ્રી સુરેશભાઈ શાહના અતિનિયમિત પ્રયત્નોથી અને શિસ્તના પાઠ શીખતા સત્સંગ સુખ પામ્યા.

આપનું સ્થાપેલું **'અધ્યાત્મ'** માસિક અમને ૩૪ વરસથી આ સુખ ધરતું રહ્યું છે.

એવા અનંત ઉપકારોનું સ્મરણ કરતાં કરતાં અમે આ અંક આપના તીર્થચરણે અર્પણ કરતાં ધન્યતા અનુભવીએ છીએ.

**શ્રી વિકાસ શાહ** **શ્રી યોગેશ્વર ધ્યાન કેન્દ્ર**
**શ્રી અનિલભાઈ લાડ** **શ્રી યોગેશ્વર યુવા કેન્દ્ર**
**ટોરન્ટો, કેનેડા.**



# સ્વર્ગારોહણના દ્વારે પાણીની સુવિધા

–સેવક ટ્રસ્ટી

પૂ.શ્રી મા પરિવારના વડીલ ગૃહસ્થ શ્રી રમેશભાઈ ભક્તની પાર્થિવ વિદાયની સ્મૃતિમાં પરિવારજનોએ સ્વર્ગારોહણના દ્વારેથી પસાર થતા સૌ કોઈ માટે આશીર્વાદરૂપ ઠંડા પાણીની સેવા શરુ કરવા સૂચન કર્યું. સ્વર્ગારોહણે તેને પ્રેમથી વધાવી સરસ ઠંડા પાણી માટે કુલરની વ્યવસ્થા મા પરિવારના આર્થિક સહયોગથી ગોઠવી દીધી. જેના પરિણામે સ્વર્ગારોહણના દ્વારેથી પસાર થતા અનેક શ્રમિકો, પદયાત્રીઓ, ગ્રામજનો, વિદ્યાર્થીઓ સૌ કોઈ અસહ્ય ગરમીમાં ઠંડા પાણીની સેવાની હાશ પામી રહ્યાં છે. આ માર્ગ ઉપર દૂર દૂર સુધી સ્વચ્છ ઠંડા પાણીની આવી વ્યવસ્થા ન હોવાથી સૌ કોઈ પૂ.શ્રી મા પરિવારની આ સેવાને પ્રેમથી વધાવી રહ્યા છે.

# ઈશ્વર સૌના ગુરુ છે

—યોગેશ્વરજી

ઈશ્વરને ઓળખ્યા પછી માણસ ઈશ્વરમય થાય છે, ઈશ્વરી શક્તિથી સંપન્ન બને છે ને ઈશ્વરની ઈચ્છા હોય તો તેથી પ્રેરિત થઈને વધારે ઉત્તમ તેમ જ અસરકારક રીતે બીજાની સેવા કરી શકે છે એ સાચું છે. બુદ્ધ, ઈશુ, શંકર, નાનક ને સમર્થ રામદાસ જેવા સંતોની સેવા એવી જ હતી. દયાનંદ, વિવેકાનંદ ને ગાંધીજીની સેવાનો પ્રકાર પણ કાંઈક અંશે એવો જ હતો. તેમની પાછળ પરમાત્માની પ્રેરણા જ કામ કરી રહી હતી. એ મહાપુરુષોએ વિચાર ને શક્તિના જે પ્રબળ પ્રવાહો પેદા કર્યા છે તે આજે પણ જીવંત છે. બીજા અનેકનાં જીવનના ઉત્કર્ષમાં તે મદદરૂપ થઈ રહ્યા છે. સંસારે એવો એક વધારે પ્રયોગ જોવાનો છે ને એક જ શા માટે એવાં અનેક નાનામોટા પ્રયોગો જોવાનાં છે. જેની દ્વારા ઈશ્વરમય સમર્થ મહાપુરુષો ઈશ્વરની ઈચ્છાને આધીન થઈને સમાજ, દેશને દુનિયાની સુખશાંતિ માટે મહેનત કરતા હોય. સંસારના કેવળ આધ્યાત્મિક નહીં પણ બધાં પ્રકારનાં પ્રશ્નોમાં રસ લેતા ને પથપ્રદર્શન પૂરું પાડતા હોય ને તે માટે આધ્યાત્મિક પર ભાર દેતા હોય. લોકોની વાહવાહ ને પાર્થિવ પ્રલોભનોથી પર રહીને સૌથી પહેલાં તો એમણે મૂંગે મોઢે કોઈ પણ જાતની જાહેરાત વિના એકાંતમાં આસન લગાવ્યું હશે ને વરસો સુધી સાધના કરીને ઈશ્વર સાથે સંબંધ બાંધી ઈશ્વરની કૃપા મેળવી હશે. તે પછી લોકોત્તર શક્તિથી સંપન્ન થઈને સંસાર પ્રત્યેની અનુકંપાથી પ્રેરાઈ, ઈશ્વર તેમને જે સોંપશે તે કામ જ્યાં કહેશે ત્યાં રહી કે ફરીને તે પ્રસન્નતાપૂર્વક તેમજ



તદ્દન તટસ્થતાથી કરતા હશે. એવા થોડાક પુરુષો આ પૃથ્વી પર પ્રકટે તો ખરેખર ક્રાંતિ કરી શકે. એવો એક જ મહાપુરુષ પોતાની હાજરીથી સમસ્ત વિશ્વના વાયુમંડળમાં શક્તિસંચાર કરી શકે. નવો પ્રાણ પ્રગટાવી શકે, ને વિશ્વશાંતિમાં મહત્ત્વનો ફાળો આપી શકે. માનવતા, ધર્મ ને આધ્યાત્મિકતાનાં મૂલ્યોને તે સંસારમાં સારી રીતે પ્રસ્થાપિત કરી શકે. એ માટે એકલું ઈશ્વરદર્શન નહીં પણ તે ઉપરાંત ઈશ્વરની કૃપાથી મળેલી લોકોત્તર શક્તિ કે સિદ્ધિ પણ જોઈશે. ઈશુ, શંકરને કૃષ્ણમાં એવી શક્તિ હતી. વળી એવા મહાપુરુષની પાછળ ઈશ્વરેચ્છાનું પીઠબળ જોઈએ. મતલબ કે પોતાની જ ઈચ્છાથી પ્રેરાઈને તેવું સેવાકાર્ય કરવા તૈયાર થયો ના હોય, તો પણ પ્રભુએ તેને તે માટે પસંદ કર્યો હોય. વિજ્ઞાનના નવાનવા હિંસક આવિષ્કારોની સાથે સંસારમાં આજે જે અશાંતિ, બીક, અનીતિ ને ઈશ્વર પ્રત્યેની અશ્રદ્ધા વધતી જાય છે તે દૂર કરવામાં તે મોટો ભાગ ભજવી શકશે આ વાત મેં લાંબા વખત પહેલાં કહેલી છે, ને તે સિદ્ધ થશે ત્યારે મને ખૂબ જ આનંદ થશે. તે દિવસ સંસારને માટે સદ્‌ભાગ્યનો દિવસ હશે. ધર્મ કે આધ્યાત્મિકતાના ઈતિહાસમાં એ દિવસ ને ઘટના સુવર્ણાક્ષરે લખાઈ રહેશે. ભૌતિક સુધારણા, સ્પર્ધા ને પ્રખર પ્રત્યક્ષવાદ ને બુદ્ધિવાદના આ યુગમાં આધ્યાત્મિકતાની અગત્યને પ્રસ્થાપિત કરવાનો આથી ઉત્તમ બીજો કોઈ ઉપાય મને નથી દેખાતો. યુદ્ધની વિનાશક તૈયારી કરતી, અણુશાસ્ત્રોથી સર્વનાશ કરવા તત્પર થયેલી સંસારની બે વિરોધી છાવણીઓમાં પણ તેવો ઈશ્વરી કૃપાપાત્ર ને ઈશ્વરી શક્તિથી સંપન્ન મહાપુરુષ જ શાંતિનો ફેલાવો કરી શકશે ને શાંતિનો નવો યુગ પ્રકટાવશે, એવા સમર્થ મહાપુરુષનું

આગમન અત્યંત આવશ્યક થઈ પડ્યું છે. સમય તેની સાક્ષી પૂરે છે. ગાંધીજીના આગમનથી તેને માટેની ભૂમિકા તૈયાર થઈ છે, ને એના આગમનની શક્યતા જ નહીં પણ ચોક્કસતાનું અનુમાન સહેજે કરી શકાય છે. એ ઘડી જરૂર ને જલ્દી આવે ને સંસાર સુખશાંતિએ સંપન્ન બને એવું આપણે ઈચ્છીશું.

કોઈએ આ વાતને અશક્ય માનવાની કે હસી કાઢવાની જરૂર નથી. ઈશ્વરની દુનિયામાં ને ઈશ્વરને માટે શું કશું જ અશક્ય છે? તે સૌનો સ્વામી ને ગુરુ છે. તથા કયે વખતે શું કરવું તે જાણે છે. કાળ તેમને સ્પર્શી કે અસર કરી શકતો નથી, તે ગુરુ છે એટલે સંસારમાં શાંતિ, જ્ઞાન ને પ્રકાશ ફેલાવવા ગુરુ, મહાપુરુષ કે સંત ને નેતા બનીને પ્રકટ થાય છે. એથી એમને અવતાર પણ કહે છે. જે એમને શરણે જાય છે ને એમનું ધ્યાન ધરે છે તેને તે શાંતિ આપે છે ને પરમ જ્ઞાનથી સંપન્ન કરે છે. આજના જ નહીં પણ ભૂતકાળમાં થઈ ગેયલા સૌના તે ગુરુ છે : પ્રેરક, પોષક તથા પથપ્રદર્શક છે. સૌએ તેમની કૃપાથી જ જ્ઞાન મેળવ્યું છે ને મુક્તિની પ્રાપ્તિ કરી છે. અસત્યમાંથી પરમ સત્યમાં, અંધકારમાંથી પ્રકાશમાં ને મૃત્યુ કે જડતામાંથી અમરતામાં પહોંચવા વૈદિક ઋષિઓએ એમની જ પ્રાર્થના કરી છે. આપણે પણ સંસારના એ પરમ પુરુષને અથવા આદિ ગુરુને શરણે જઈએ ને એમની સંપૂર્ણ કૃપાની જીવનના મંગલ માટે કામના કરીએ.

**તસ્ય વાચકઃ પ્રણવઃ**




# અધ્યાત્મ

**વરદ હસ્ત પ્રભુ તમારો, સદાય રહેજો જીવન સહારો**

**—મા સર્વેશ્વરી**

વર્ષ : ૩૬ જુલાઈ—૨૦૧૪ અંક ૧૦


## શ્રી યોગેશ્વર કથામૃત

**—મા સર્વેશ્વરી**

**સ્થળઃ—૫૫, અરૂણોદય સોસાયટી અલકાપુરી, વડોદરા**

**તા.૨૯/૦૬/૮૨ મંગળવાર**

રાત્રે પૂ.શ્રી બાર વાગે ઊઠી જાય છે. ૧૦૦ માળાનો નિયમ રાત્રે જ બે વાગે પૂરો થાય છે. પછી થોડું ધ્યાનમાં બેસે છે.

સવારે સમયસર ઊઠી સ્નાન, વ્યાયામ, ગીતાપાઠ કરી, લેખનકાર્ય ૧૧ સુધી ચાલુ કરી દે છે. રામચરિત માનસનાં હવે ૨૦, ૨૫ પાના જ બાકી રહ્યાં છે. એક વર્ષથી તે લેખન સતત નિયમિત રીતે ચાલુ રહ્યું છે.

આજે ભોજનમાં મગભાત, ભાખરી લીધાં. ભોજનબાદ આજની મુલાકાતમાં શ્રી મૂળશંકરભાઈ જાની આવ્યા હતા. તેમની સાથે થોડી વાતો થઈ. પૂ.શ્રીએ પેપર વાંચી થોડો આરામ કરી, ફરી રામાયણનું લેખન શરૂ કરી દીધું. હવે ત્રણ દિવસમાં એ કાર્ય પૂર્ણ થશે.

સાંજે મુલાકાતના સમયે થોડા ભાઈબેનો આવ્યાં છે. સૌ પ્રણામ કરી બેસે છે. રંગઅવધૂતના ભક્ત શ્રી દોલતભાઇ પણ આવ્યા છે. તેઓને ભજન ગાવાની પૂ.શ્રી સૂચના આપે છે. શ્રી દોલતભાઇ ગુરુભક્તિનાં બે પદો ગાય છે. પછી દત્ત બાવની ગાઈ.

પૂ.શ્રીના શ્રીમુખે તેઓ રંગઅવધૂતની આરતી ટેપ કરે છે. સર્વેશ્વરીના મુખે યોગેશ્વરજીની આરતી ટેપ થાય છે.

પછી પ્રશ્નોત્તરી શરૂ થાય છે, જેમાં એક પ્રશ્ન પૂછાયો છે.

**પ્રશ્ન :** દત્તબાવનીમાં છેલ્લે ગવાય છે. પાઠ કરે તેને યમ નહીં દંડે એટલે શું?

**પૂ.શ્રી :** દત્ત બાવની તો લખી પણ તેને નિયમપૂર્વક ગાવી.

ભોજનની થાળી વિવિધ પદાર્થોથી ભરેલી હોય પણ તે થાળી લાવીને રાખી મૂકો તો ભૂખ ભાંગે નહીં!

તે થાળી ઘરે આવીને ખાવાની હતી. એ રીતે એકલો પાઠ કર્યાથી ન ચાલે.

પાઠ કર્યા કરીએ ને સાથે સાથે છળ કપટની ગાંઠ બાંધ્યા જ કરીએ તો ભૂખ ભાંગે?

પાઠ કર્યા પણ સાથે ભગવાનની સાથે ગાંઠ બાંધીએ તો ભૂખ ભાંગે.

આજે આટલામાં જ સત્સંગ પૂરો થયો.

★ ★ ★



**તા. ૩૦/૦૬/૮૨ થી ૦૬/૦૭/૮૨**

**(કપૂરા જવાનું બન્યું)**

તા. ૦૬/૦૭/૮૨ કપૂરામાં સવારે ૯.૩૦ થી ૧૦.૩૦ ગુરુપૂજનનો કાર્યક્રમ રાખી સાંજે ૫.૦૦ વાગ્યે વડોદરા આવી જવાનું બન્યું.

સાંજે અરૂણોદય સોસાયટીના હોલમાં કાર્યક્રમમાં બહારગામથી આવનાર ભાઈબેનો મળ્યાં.

બે ભજનો ગવડાવ્યાં બાદ પૂ.શ્રીએ ગુરુપૂર્ણિમાનું મહત્ત્વ સમજાવ્યું. પછી ગુરુબાવની બોલાવી. તે પછી આરતી થઇ.

સાંજે સૌ છૂટા પડ્યા. આજની ખાસ નોંધ ન હતી.

તા. ૦૭/૦૮ ખાસ નોંધ ન હતી.

**તા. ૦૯/૦૭/૮૨ શુક્રવાર**

નર્મદા સ્નાન માટે સવારે ૮ વાગે નીકળ્યા. નર્મદા કિનારે ચાણોદ પહોંચી ગયાં. સામે કિનારે સ્નાન કર્યું. નર્મદાના નીરમાં ગુરુબાવની ભજન ધૂન વગેરે કર્યાં.

સ્નાનબાદ ફરી નદી કિનારે બેઠાં ને ગુરુબાવનીનો પાઠ થયો.

ગુરુબાવનીના પાઠ બાદ કરનાળી પંચાયતના રેસ્ટ હાઉસમાં જમવાનું બન્યું. ત્યાં હળવો અલ્પાહાર લીધો. થોડો આરામ કર્યો. સાંજે વડોદરા આવી ગયાં.

સાંજની બેઠક સમયસર ૬.૩૦ શરૂ થઇ. બે ત્રણ ભજનો બાદ સર્વેશ્વરીને પણ ભજન ગાવાની સૂચના મળી, જેથી સર્વેશ્વરીએ ભજન ગાયું.

પ્રશ્નોત્તરીનો સમય શરૂ થયો. સૌ થોડી મીનીટો તો શાંત જ

બેસી રહ્યા. જાણે કે બધા જ પ્રશ્નો શાંત થઈ ગયા હોય એવું લાગ્યું. જેથી પૂ.શ્રી ફરીથી એક ભાઈને ભજન ગાવાની સૂચના આપી, તે ભાઈએ ભજન ગાયું.

ત્યાં વળી જશભાઈએ પ્રશ્ન પૂછ્યો.

**પ્રશ્ન :** કોઈ વ્યક્તિ પોતાની હયાતીમાં જ પોતાની મરણોત્તરક્રિયા કરી શકે?

**પૂ.શ્રી :** શાસ્ત્રમાં એવી સ્થૂળક્રિયા પોતાની થાય છે તે વાત આવે છે.

એ વળી પરંપરાગત સ્થૂળ ક્રિયા થાય પણ સાચી ક્રિયા તો જીવતાં જ થાય.

જીવતાં જ પોતે ઉત્તમ ક્રિયા કરે.

(ક્રમશઃ)

ફોન : દુકાન : ૨૨૫૮૮૧૨ ઘર : ૨૬૬૪૦૭૮
મોબાઈલ : ૯૩૭૪૭૧૦૩૦૪
**દીપક સી. મહેતા**
**કૃષ્ણા ફિલ્મ્સ એન્ડ સ્ટુડિઓ**
૧, શ્યામ એપાર્ટમેન્ટ, કાકડીઆ કોમ્પ્લેક્ષ પાસે,
ઘોડદોડ રોડ, **સુરત**-૩૯૫૦૦૧



# ગાયત્રી મંત્રનો અર્થ સમજીએ

**—વિનોબા**

આ મંત્રનો છંદ ત્રિપદા ગાયત્રી છે. મોટા ભાગના છંદ બે કે ચાર ચરણના હોય છે. પણ આ ત્રણ ચરણનો છે. અને તેની ત્રિપદા બહુ સારી રીતે બેઠી છે. ત્રિપદા, ત્રિપાદ બહુ સારી જામે છે. ચાર પાયાવાળી ચીજ પણ જરા કમજોર પડે છે. પરંતુ ત્રિપદ, તિપાઈ બહુ સારી મજબૂત બેસે છે.

ગાયત્રી—મંત્ર આ છે—

**ॐ भूर् भुवः स्वः**
**तत् सवितुर् वरेण्यं भर्गो देवस्य धीमहि।**
**धियो यो नः प्रचोदयात् ॥**

(સકળ જગતને પેદા કરનાર ત્રિલોક વ્યાપક સચ્ચિદાનંદ પરમાત્માના તેજસ્વી સ્વરૂપનું અમે ધ્યાન ધરીએ છીએ. તે અમારી સાત્ત્વિક બુદ્ધિને પ્રકાશિત કરો!)

ૐ વેદનો સાર છે, ભગવાનનું નામ. આપણે ત્યાં ભગવાનને પણ નામ આપવામાં આવ્યાં છે. ખરું જોતા, ભગવાન નામરહિત છે. પરંતુ ચિંતનને માટે નામ લેવામાં આવે છે. સગુણ પરમેશ્વર માટે અત્યારે રામ—નામ પ્રચલિત બન્યું છે. મૂળમાં, રામ સગુણ હોવા છતાં સગુણ અને નિર્ગુણ બેઉના પ્રતિનિધિ બની ગયા છે. પરંતુ એ નામ સિવાય જે સંકેતમાત્ર નામ વૈદિક ધર્મમાં ચાલ્યું, તે છે ૐ. જેમ રામાયણનો સાર

રામનામ ગણાય છે, તેમ ૐ. વેદોનો સાર મનાય છે.

આખો ગાયત્રી–મંત્ર ૐ. કારનું પ્રતીક છે, એમ મનાય છે. ગાયત્રી–મંત્રનું એક–એક ચરણ એ ૐની એક–એક માત્રા છે. તો પણ ગાયત્રીના આરંભમાં 'ૐ' એમ ભગવાનનું નામ–સ્મરણ કરીને પછી મંત્ર બોલવામાં આવે છે. ૐ એ પરમાત્માનું નામ છે, જે આપણા હૃદયમાં અંતરાત્મા રૂપે વિરાજમાન છે અને દુનિયામાં વિશ્વાત્મા રૂપે છે. भूर् भुवः स्वः એ ત્રણ એના અંશ છે.

भूर् भुवः स्वः–પૃથ્વી, અંતરિક્ષ, સ્વર્ગની બનેલી ત્રિલોકી સૃષ્ટિ સામે ખડી છે. તેમાં સ્વર્ગ એટલે ઉપરનો હિસ્સો, જ્યાં ઘણા બધા તારા અને નક્ષત્રો ચમકે છે. આ ત્રણ હિસ્સા બ્રહ્માંડના છે, જે આપણા પિંડમાં પણ છે. भूः એટલે શરીર, દેહ. અંતરિક્ષ માટે भुवः શબ્દ લીધો. આનો અર્થ થાય છે, પ્રાણ અને સ્વર્ગ માટે स्वः શબ્દ લીધો. એનો અર્થ છે, મન. આ ત્રણ સ્થૂળ શબ્દો સૂક્ષ્મ અર્થમાં physical (દેહ), vital (પ્રાણ) અને mental (મન) સ્તરના નિર્દેશક છે. સવિતા સ્થૂળ અર્થમાં સૂર્ય છે. સૂક્ષ્મમાં આત્મા છે. દેહ, પ્રાણ, મન એ અંતરાત્માના ત્રણ પ્રગટ અંશ છે અને સૃષ્ટિમાં પૃથ્વી, અંતરિક્ષ અને સ્વર્ગ એ ત્રણ અંશ છે. આવી રીતે પિંડ અને બ્રહ્માંડ, બંને તરફ ધ્યાન દઈને भूर् भुवः स्वः નો આવો સ્થૂળ ને સૂક્ષ્મ અર્થ છે. જો કે જ્યાં અંતરાત્માનું ચિંતન કરાય છે, ત્યાં દેહ–પ્રાણ–મન એ જ અર્થ લેવો જોઈએ. આ એ મંત્રની શરૂઆત છે.

**પ્રાર્થના આટલી જ – અમારી બુદ્ધિને પ્રેરણા આપો!**



'धियो यो नः प्रचोदयात्' – ભગવાન અમારી બુદ્ધિને પ્રેરણા આપો! આવું વરદાન માગ્યું છે. પ્રાર્થનાનો જે મુખ્ય અંશ છે, જેની આપણે માગણી કરીએ છીએ, તે આટલો જ છે. તેમાં ધ્યાન ખેંચાવા લાયક ચીજ હોય તો તે એ છે કે પોતાના માટે જે માગ્યું છે, તે સહુને માટે માગીને પ્રાર્થના કરી છે.

આમ તો ગાયત્રી–મંત્રનો જપ એકાંતમાં થાય છે. તો પણ એકાંતમાં બેઠાં–બેઠાં 'પોતાનામાં સહુ છે' –એમ માનીને પ્રાર્થના કરી છે. એટલે આમાં વ્યક્તિગત અને સામૂહિક પ્રાર્થનાનો સમન્વય થયો છે. વ્યક્તિગત પ્રાર્થનામાં માણસ પોતાના માટે વિચારે છે અને ઈશ્વર સાથે પોતાનો નાતો જોડે છે. સામૂહિક પ્રાર્થનામાં બધાં માટે વિચારે છે, એટલે સમાજ સાથે પોતાનો નાતો જોડે છે અને તેના દ્વારા પરમેશ્વર સાથે સંબંધ બાંધે છે. આ બંને પ્રકારની પ્રાર્થનાઓ એકબીજાની પૂરક છે. ભગવાનની સમીપ બેસીને આપણે જો પોતાના માટે કંઈક માગીએ છીએ, તો તેમાં આપણે આત્માની અ–વ્યાપકતા માની લીધી. પરંતુ સહુને સારું કંઈક માગીએ છીએ, તો આત્માની વ્યાપકતાનો પણ ઠીક ઠીક ખ્યાલ રહે છે. તેથી એકાંતમાં બેસીને પણ સમૂહ માટે પ્રાર્થના કરવી, એ ગાયત્રી–મંત્રની વિશેષતા છે.

આ મંત્રની બીજી વિશેષતા એ છે કે આમાં બુદ્ધિની યાચના કરવામાં આવી છે. બુદ્ધિને પ્રેરણા આપ, એમ કહ્યું છે. માણસ માટે માર્ગદર્શક રૂપે આખરી ચીજ બુદ્ધિ જ છે. મન, ઇંદ્રિયો વગેરે તેની નીચે આવે છે. ગુરુ આપણને ઉપદેશ આપે છે, તો

તેને સમજવા માટે પણ બુદ્ધિ જ જોઈએ. એટલે માણસ પાસે નિર્ણય કરવાનું અંતિમ સાધન બુદ્ધિ જ છે. તેમાંય આજના જમાનામાં નિર્ણય કરવાની શક્તિ બહુ મહત્ત્વની થઈ ગઈ છે. માત્ર આ જમાનામાં જ નહીં. દરેક જમાનામાં બુદ્ધિનું માર્ગદર્શન સ્વીકારવું જોઈએ.

કઠોપનિષદમાં આવે છે, 'બુદ્ધિં તુ સારથિં વિદ્ધિ'—બુદ્ધિ સારથિ છે. રથને ક્યાં લઈ જવો, તેનો નિર્ણય કરવાનું સાધન બુદ્ધિ છે. ગીતામાં ભગવાન સ્વયં સારથિ બન્યા છે, પણ ઉપનિષદમાં જીવાત્માને રથી બનાવીને બુદ્ધિને સારથિ કહી છે. એક બાજુ બુદ્ધિ સારથિ છે, બીજી બાજુ ભગવાન સારથિ છે. ભગવાન જ્યાં સારથિ બને છે, ત્યાં પણ માણસની બુદ્ધિને પ્રેરણા આપીને જ આગળ વધારે છે. ભગવાન એમ નથી ઈચ્છતા કે માણસની બુદ્ધિને ચાલના આપ્યા વિના, પ્રેરણા દીધા વિના તેનો ઉદ્ધાર કરી દઉં. જો એમ કરે, તો માણસનો વિકાસ નહીં થાય. એટલે આ મંત્રમાં ભગવાનને એવી પ્રાર્થના નથી કરી કે 'તું અમને મદદ કર'. પણ પ્રાર્થના એવી કરી છે કે 'અમારી બુદ્ધિને પ્રેરણા આપ'. અમને આ દુનિયામાં જે કામ સોંપાયું છે, તે કામ બુદ્ધિથી થવાનું છે, માટે કહ્યું કે બુદ્ધિને પ્રેરણા આપ.

માગણી કરવી હોય, તો બુદ્ધિની જ કરવી જોઈએ. કેમ કે બુદ્ધિ પ્રેરણાદાયી છે. તે એક શક્તિ પણ છે. બુદ્ધિને જો ખોટી પ્રેરણા મળી અને બુદ્ધિએ જો ખોટી દિશા પકડી, તો માણસની બુદ્ધિ માણસનું અત્યંત નુકસાન કરશે. તેથી બુદ્ધિ સાત્ત્વિક હોવી



જોઈએ. એટલે સાત્ત્વિક બુદ્ધિ આપો, એવી પ્રાર્થના કરવામાં આવી છે.

આ રીતે આ મંત્રમાં ભગવદ્ ભક્તિની સાથોસાથ બુદ્ધિ ઉપર જોર દેવામાં આવ્યું છે. 'ભગવદ્ ભક્તિની સાથે' એટલા વાસ્તે કે આખરે પ્રાર્થના સાક્ષાત્ ભગવાનને કરી છે.

**આ માટે સવિતાના વરણીય તેજનું ધ્યાન ધરીએ.**

ગાયત્રી—મંત્ર વ્યક્તિગત ઉપાસના માટે મનાયો છે. પરંતુ 'ધીમહિ'— 'અમે ધ્યાન કરીએ છીએ,' એવું બહુવચની પદ સમુદાયનું સૂચક છે. અર્થાત્ ગાયત્રી ઉપાસના વ્યક્તિએ કરવાની છે, પણ તે પોતાનામાં સર્વ સમુદાયની—વિશ્વાત્માની કલ્પના કરીને કરવાની છે.

હવે, ધ્યાનને માટે ધ્યાનગમ્ય વસ્તુ જોઈએ. તે માટે સવિતાનું નામ લીધું 'સવિતા' શબ્દ દેવતાવાચક છે. વેદોમાં દેવતા શબ્દરૂપ માનવામાં આવ્યા છે. સવિતા એટલે સ્થૂલમુર્તિ સૂર્ય, જેનો સામે ઉદય થઈ રહ્યો છે. સવિતા એટલે પ્રેરણા આપનારો. પ્રેરણા આપનારા ભગવાન પાસે પ્રેરણા દેવાની માગણી કરી છે.

ભગવાનના તો અનેક ગુણો છે. જો દયાનો ગુણ જોઈતો હોય, તો દયાળુ ભગવાનની પ્રાર્થના કરીશું, પ્રેમ જોઈતો હશે, તો પ્રેમમય ભગવાનની પ્રાર્થના કરીને તેની પાસે પ્રેમ માગીશું. પરમાત્માના તો અનંત ગુણો છે. પરંતુ ધ્યાન માટે વિશેષ ગુણનું જ ધ્યાન થઈ શકે.

ભગવાનનું ધ્યાન કરવું છે, માટે ભગવાનનું કોઈક સ્વરૂપ

જોઈએ, આકાર જોઈએ, સગુણ સાકાર જોઈએ. તેથી કહ્યું. 'સવિતુર્ વરેણ્યં ભર્ગો દેવસ્ય'—સવિતાના તેજનું અમે ધ્યાન કરીશું. 'ભર્ગ' શબ્દ તેજવાચક છે. તેનો વિશેષ અર્થ થાય છે, દાહક તેજ, દહન કરનારું તેજ. મતલબ કે, આપણા જે દોષો છે, તેને બાળી મૂકનીરું તેજ. તો, પ્રેરણા આપનારા ભગવાનનું અને એમના દાહક તેજનું, આપણે ધ્યાન ધરીએ છીએ.

આમાં વળી તેજનું એક વિશેષણ જોડી દીધું—વરેણ્યં. એટલે વરણીય. જે કમનીય છે, વરણીય છે, આકાંક્ષા રાખવા જેવું છે, એવા તેજનું આપણે વરણ કરીએ છીએ, તો તે આપણને પ્રાપ્ત થાય છે. આમાં આપણા પક્ષે એક કતૃત્વ ઊભું થાય છે. તમે જો એનું વરણ કરશો, તો તે તમારું વરણ કરશે, એટલે કે એ તેજ તમને પ્રાપ્ત થશે. કર્તાની ભૂમિકા તમારી છે. તમારા ઉપર એ આક્રમણ નથી કરતું. તમે વરણ કરો છો, તો જ એ પ્રાપ્ત થાય છે.

આવી રીતે ભક્તિમાં પણ વરણ કરવાની જવાબદારી ભક્તની છે. જેમ શ્રીકૃષ્ણને પત્ર લખીને રુક્મિણી એમને વરી. એણે વરણ—પસંદગી ન કરી હોત, તો ભગવાન શ્રીકૃષ્ણ એના ઉપર અનુગ્રહ કરવાના નહોતા. તેમ આપણે જો એ તેજનું વરણ કરીશું, તો જ એ તેજ પોતાનું કાર્ય કરશે. એટલે વરેણ્યમ્ કહ્યું. તેનો અર્થ છે, વરણીય પ્રભુ.

તત્‌નો અર્થ છે ઊંચો, અલિપ્ત, આપણાથી દૂર. સૂર્યનારાયણનો ઉદય થઈ રહ્યો છે. તે વખતે ગાયત્રી—મંત્ર બોલાય છે. બીજા કોઈ વખતે પણ બોલી શકાય છે, તેમાં



વખતનો એવો કોઈ બાધ નથી. પરંતુ મોટે ભાગે સવારમાં સૂર્યનું તેજ પ્રસરી રહ્યું હોય, ત્યારે તેનું વરણ કરવાનું છે, એટલે ત્યારે બોલાય છે.

**એ તો ઉત્સુક્તાથી દેવા માટે તૈયાર બેઠો જ છે**

દેવસ્ય. દેવ શબ્દનો અર્થ છે, 'દેવા માટે બેઠો છે'. આપણે વરણ કરીએ, તો એ દેવા માટે તૈયાર છે. તો આપણને સ્વાભાવિક પ્રેરણા થાય છે, અને આપણે માગીએ છીએ. એમના તરફથી તો આપણું વરણ થઈ ચૂક્યું છે. એ તો ઉત્સુક્તાથી દેવા માટે બેઠો છે અને રાહ જુએ છે. સવિતાને વરવાની જવાબદારી તમારા ઉપર છે.

આ છે ગાયત્રી—મંત્રનું હાર્દ.

**સ્થાપત્ય કન્સ્ટ્રક્શન**
**પ્રો. મનીષ હરિભાઈ ભોજાણી,**
**બિલ્ડર્સ એન્ડ ડેવલપર્સ,**
મધુર કોમ્પ્લેક્ષ, શનાળા રોડ, મહારાજા ટાઈલ્સ સામે,
**મોરબી**—૩૬૩૬૪૧.
ફોન : (ઓફિસ) ૨૨૧૩૮૧, (રહેઠાણ) ૨૩૦૨૨૨.

# પૂ.શ્રીમાના પ્રાગટ્ય તીર્થની સંકીર્તન યાત્રા

–રાજુ જાની

સ્વર્ગારોહણના સાધક ભાઈ બહેનો પૂ. શ્રીમાના પ્રાગટ્ય તીર્થ કાલીમંદિર, કર્પૂરવન યાત્રા તા.૨૩ મે ના રોજ કરી આવ્યા.

લગભગ ૭૦ ભાઈબેનો આ તીર્થમાં સંકીર્તન યાત્રામાં જોડાયાં. પૂ.શ્રી ગુરુ ભગવંતની યોજના અનુસાર જ લોકશાહી પદ્ધતિથી ભારતમાં સત્તા પરિવર્તન સરળતાથી પાર પડ્યું. ગુજરાતના નાથ ભારતના સુકાની બન્યા. પ્રભુએ એમનો માર્ગ સરળ કરી આપ્યો તે નિમિત્તે ગુરુભગવંત અને પૂ. શ્રીમાને સૌ ભક્તોએ સમૂહમાં ૨૫૦ પ્રણામ ધર્યા. અને આ પાંચ વર્ષનું શાસન ભારતનું ગૌરવ વિશ્વમંચ ઉપર વધતું રહે તે માટે પાંચ–પાંચ બાવની સાથે સૌએ પ્રાર્થના કરી.

કાલીમંદિરના યજમાન શ્રીસુભાષભાઈએ સૌને પ્રેમથી આવકારી દૂધ નાસ્તો અને બપોરના મિષ્ટાન યુક્ત ભોજનની વ્યવસ્થા કરી. તો કર્પૂરવનના સૌ પ્રેમી ભક્તોએ સુંદર સેવાનો સહયોગ ધરી તે સૌ પણ આ પ્રાર્થના પ્રણામના સત્સંગમાં જોડાયા.



### પ. પૂ. શ્રી રણછોડદાસજીના

# પ્રેરક પ્રસંગો

**સંક્ષેપ પરમાથી, મૂળ લેખિકા–દમયંતી સેજપાલ**

**માનૌ એક ભક્તિ કરનાતા**

પૂ. યોગેશ્વરજીની યાદ ૧૯૭૫ ની કટોકટી પછી તેમની આગાહી અને પરિણામ–

**પ્રસંગ (૫૩)**

ઈ.સ. ૧૯૬૫ની પાંચ સપ્ટેમ્બરે પાકિસ્તાનની લડાઈ ચાલુ થઈ ત્યારે વિરપુરનો એકાંતવાસ છોડીને પૂજ્યશ્રી દેશ હિતાર્થ પઠાણકોટ તરફ પધાર્યા. નીકળતાં પહેલાં કહી ગયા : 'લડાઈ બડી વિષમ હૈ. ભગવાન કૃપા કરે તો હી ભારત બચ સકેગા. યદિ ભગવાનને ચાહા તો ૧૯ તારીખ તક સબ શાંત હો જાયેગા.'

લડાઈ ચાલુ રહી એટલા દિવસ તેઓશ્રી એ પ્રદેશમાં રહ્યા. ત્યાં એમણે શું કર્યું એ તો કોણ કહી શકે? પરંતુ એમણે યુદ્ધ બંધ થવાની જે તારીખ આપેલી તે તારીખે લડાઈ બંધ થઈ ગઈ! બધું પત્યા પછી તેઓશ્રી રાજસ્થાન સરહદ પર આવેલા ગામ કોલાયતમાં રહ્યા.

એ ભ્રમણમાં કંઈ જ સામાન સાથે રાખ્યો ન હતો. તેથી પૂજ્યશ્રી ઉપવાસ કરતા. ઋતુ અનુકૂળ જે ફળ મળે તેનાથી ચલાવી લેતા.

કોલાયતની જે ધર્મશાળામાં તેઓશ્રી રહ્યા હતા એ ધર્મશાળાના વ્યવસ્થાપક રામચંદ્રજી મુંદડાની મા બહુ પ્રેમાળ ને ભલી બાઇ. તેણે જોયું કે આ મહારાજશ્રી નથી ક્યાંય જમવા જતા, નથી રસોઇ બનાવતા. ત્રણ દિવસ એમણે ધીરજ રાખી. અંતે ચોથે દિવસે બાઇ પૂજ્યશ્રી પાસે આવી કહ્યું : 'બાબા, આપને હું દૂધમાં લોટ બાંધીને રોટલી બનાવી આપીશ. પરંતુ આજે તો જમવું પડશે, આવી આવી નબળી તબિયતમાં જમ્યા વિના તે રહેવાતું હશે?'

પૂજ્યશ્રીએ ખૂબ ના પાડી; પરંતુ માજીના પ્રેમ પાસે આખરે નમતું જોખ્યું : 'ભલે મા, પર રોટી મેં તેલ ઘી કુછ નહીં ડાલના.' જમવાનો સમય થતાં તેડું આવ્યું. માજીએ પૂજ્યશ્રી માટે રસોડામાં પાટલો ઢાળ્યો. પાસે એક પતરાવળી મૂકી. પછી ઉતાવળી ચાલે ચૂલા પાસે જઇને પોતાના ઘર માટે બનાવેલી રોટલીની થપ્પી ઊંચી કરીને વચમાંથી પૂજ્યશ્રી માટે બનાવેલી રોટલી આસ્તેથી ઉપાડી. પૂજ્યશ્રી બધું જોયા કરતા હતા. રોટલી પતરાવળીમાં મૂકતાં એ બોલી : 'દૂધમાં લોટ બાંધીને બનાવી છે. પરંતુ ઘી તેલ વિનાની કોરી રોટલી ચાવવામાં અગવડ ન પડે, એ કૂણી ને મુલાયમ રહે એટલા માટે મેં એને અમારી રોટલીની વચમાં દબાવી દીધેલી.'

જુઓ કેટલી નરમ છે?'

પૂજ્ય શ્રી હસ્યા.

દૂધમાં બનાવેલી રોટલી ને કાચી રસોઇ અને પાણીવાળી રોટલી સાથે મૂકીને માએ દૂધની રોટલીને 'સકડી' કરી નાખી હતી.



પરંતુ લખનલાલજીની નજરને શબરીજીનાં જે બોર એઠાં લાગ્યાં હતાં એ બોરમાં ભગવાન શ્રીરામને અનુપમ પ્રેમ માત્ર દેખાઇ રહ્યો હતો!

કોલાયતની ધર્મશાળામાં બેઠેલા પૂજ્યશ્રી પણ માનો ઉત્કટ ભાવ જોઇને કંઇક એવી જ લાગણી અનુભવી રહ્યા. પ્રેમને વશ બનેલા શ્રીગુરુદેવે ધીરે રહીને રોટલીનું એક બટકું મોંમાં મૂક્યું.

મા તૃપ્ત નજરે જોતા રહ્યાં.

પૂજ્યશ્રીએ બધીય રોટલી જમી લીધી.

## ભૂર્જતરૂ સમ સંત કૃપાલા

ગણેશપુરીના શ્રી મુક્તાનંદજી મહારાજના પ્રેમાગ્રહને વશ થઇને પૂજ્યશ્રી ઇ.સ. ૧૯૬૬માં ગણેશપુરી પધાર્યા. પહોંચતા રાતના આઠેક વાગ્યા. શ્રીમુક્તાનંદજી મહારાજે સાષ્ટાંગ નમસ્કાર કરી પૂજ્યશ્રીનું સ્વાગત કર્યું.

યોગાનુયોગે નારેશ્વરવાળા શ્રીરંગ અવધૂતજી મહારાજ શિષ્યપરિવાર સહિત તે દિવસે ત્યાં હતા. તેઓ ઉષ્માપૂર્વક પૂજ્યશ્રીને ભેટી પડ્યા. પૂજ્યશ્રીને એક સરખી ખાંસી આવતી હતી. છતાં પ્રસન્નતાપૂર્વક વાર્તાલાપ કરતા હતા.

શ્રી રંગજીના એક શિષ્યે વિચાર્યું : 'અમારા મહારાજશ્રી કહે છે કે શ્રી રણછોડદાસજી બાબા 'પરમસિદ્ધ' યોગી છે. પરંતુ આ એકવડો દેહ અને ખાંસી આ બાબતમાં શંકા ઉત્પન્ન કરે છે.'

એજ વખતે શ્રી રંગજી બોલી ઊઠ્યા : 'જે મહાન સંત અને પરમ યોગીની હું વાત કરતો હતો તે જ આ! રસ્તામાં એકલા

મળે તો ભાગ્યે જ એમને ઓળખી શકો. ખાંસી અને તાવમાં એ ધમધમી રહ્યાં છે. પરંતુ એ બીમારી એમની પોતાની નથી. યોગબળ દ્વારા પારકાં શારીરિક કષ્ટોને પોતીકાં બનાવીને એ ભોગવે છે.'

એટલું કહેતાં શ્રીરંગજી મહારાજ મુક્ત મને હસી પડ્યા. ને પૂજ્યશ્રી પ્રત્યેનો ભાવ દર્શાવવા ફરી એકવાર એમને ભેટી પડ્યા.

પૂજ્યશ્રીએ પણ એમના હાસ્યમાં સાથ પુરાવ્યો.

એ મિલન દર્શનીય બની રહ્યું.

**સંદીપ વેલ્ડીંગ વર્ક્સ**

**ગ્રીલ, દરવાજા, તેમ જ મેઈન ગેટના સ્પેશ્યાલીસ્ટ**

તેમ જ

**દરેક જાતનું રીપેરીંગ કામ કરનાર.**

મોદી બંગલા, ઉમરા જકાત નાકા પાસે, **સુરત**-૩૯૫૦૦૭



# મનના જમણવારની વાનગીઓ

**—જ્યોતિ થાનકી**

### પ્રાર્થના

મનને શુદ્ધ સત્ત્વશીલ આહારથી સંતુષ્ટ કરવું જોઈએ, તો જ મન દ્વારા અનેક કાર્યો કરી શકાય. મનને શક્તિશાળી બનાવનાર આહારની મુખ્ય વાનગીઓ છે; (૧) પ્રાર્થના (૨) સત્સંગ (૩) સદ્‌વાંચન (૪) સદ્‌વિચાર. આ વાનગીઓમાંની એક વાનગીનું પણ જો નિયમિત સેવન કરવામાં આવે તો માત્ર મન જ નહીં, પણ મનુષ્યનું સમગ્ર અસ્તિત્વ બળવાન બની જાય છે. એટલું સામર્થ્ય આ વાનગીઓમાં રહેલું છે. સર્વપ્રથમ આપણે પ્રાર્થના વિષે જોઈએ.

**★ પ્રાર્થના એટલે શું?**

પ્રાર્થના એટલે અંતરમાંથી ઊઠતો પોકાર. અંતરમાંથી થતો આર્તનાદ. પ્રભુની સમક્ષ કરવામાં આવતું નિવેદન અથવા તો પ્રભુ સાથે થતો સીધો વાર્તાલાપ. પરમશક્તિ કે જે પોતાના કરતાં સમર્થ હોય તેને સહાય માટે કરેલી આજીજીને પણ પ્રાર્થના કહી શકાય. દરેક મનુષ્યના જીવન સાથે આ પોકાર જોડાયેલો જ છે. બાળક જન્મે ત્યારે એ રડવા લાગે છે. આ રૂદન એ તેનો પોકાર જ છે. તેને બીજી કોઈ ભાષા આવડતી નથી એટલે તે રૂદનની ભાષામાં પોતાની માતાને બોલાવે છે. જ્યારે તેને અસલામતી જણાય, ભય લાગે, ભૂખ લાગે ત્યારે તે માતાને રૂદન દ્વારા પોકારે છે. મનુષ્યનું પણ આવું જ છે. જ્યારે વિપત્તિ આવે, રસ્તો મળે નહીં, અસલામતી કે ભય જણાય ત્યારે તે

કોઈ સમર્થ વ્યક્તિ પોતાના શ્રદ્ધાપાત્ર કોઈ ગુરુ, પોતાના ઈષ્ટદેવ કે કોઈ પરમશક્તિ પાસે રક્ષણ અને સહાય માંગે છે અને આ માંગણી એ જ તો છે પ્રાર્થના. આમ પ્રત્યેક મનુષ્ય કોઈને કોઈ રીતે પ્રાર્થના કરતો જ હોય છે. પરંતુ પરમાત્માની સમક્ષ એ જે નિવેદન કરે છે, જે પોકાર કરે છે, એથી પરમાત્મા સાથે એનો સંબંધ બંધાય છે. એની સાથે અનુસંધાન થાય છે અને આ જોડાણ થતાં જ તેની ચેતનામાં તત્કાળ પરિવર્તન આવવા લાગે છે. તેના કારણે શાંતિ, શક્તિ, હૂંફ અને હળવાશનો અનુભવ કરવા લાગે છે અને એ જ તો છે ભગવાને પ્રાર્થનાનો આપેલો પ્રત્યુત્તર કે જે વ્યક્તિને પીડા આપતી નિમ્ન ચેતનામાંથી ઊંચકીને આનંદમય ચેતનામાં મૂકી દે છે.

જેમ જેમ પ્રાર્થનાનો ભાવ વધતો જાય તેમ તેમ ભગવાન સાથેનું અનુસંધાન પણ વધતું જાય છે. ભગવાન તો પ્રેમ, આનંદ, જ્ઞાન, શક્તિથી સંપન્ન છે. આથી પ્રાર્થના કરનાર મનુષ્યને ભગવાનના આ ગુણોનો અનુભવ વધુ ને વધુ થવા લાગે છે, તેમ તેમ એને અત્યાર સુધી દુઃખરૂપ લાગતું જીવન હવે આનંદમય લાગવા માંડે છે અને પ્રાર્થનાને પરિણામે ભગવાનની સહાયનો વિશેષ અનુભવ થવા લાગે છે અને વળી ચિંતાનો પહાડ જેવો બીજો પણ હટી જાય છે. માત્ર ભગવાન સમક્ષ બધું રજુ કરી દેવાથી દરેક પરિસ્થિતિમાં સ્થિર રહી શકાય છે. આ સંદર્ભમાં શ્રી અરવિંદે કહ્યું હતું કે જો ''તમારામાં પૂરતા પ્રમાણમાં સાચી અભીપ્સા હોય અથવા તો પૂરતા પ્રમાણમાં ઉત્કટ પ્રાર્થના હોય તો તમે બધું જ પલટી નાખવા સમર્થ એવું કશુંક તમારામાં નીચે લાવી શકો.''



**★ આવી ઉત્કટ પ્રાર્થના કેવી રીતે કરવી?**

નાના બાળકને કોઈ શીખવતું નથી કે તારી માને કેવી રીતે બોલાવવી? બાળક રડીને કે તેની કાલીઘેલી ભાષામાં જે રીતે બોલાવે તે રીતે, મા દોડીને આવે છે ને બાળકની જરૂરિયાત પૂરી કરે છે તો પછી આ તો પરમ કરુણામય સર્જનહાર છે. તેમને આપણે જે રીતે બોલાવીએ તે રીતે તેઓ આપણને સાંભળે છે અને તેનો પ્રત્યુત્તર અવશ્ય આપે છે. પ્રાર્થના અમુક રીતે કરાય, એની પદ્ધતિ પ્રમાણે જ કરવી જોઈએ નહીંતર ભગવાન ગુસ્સે થઈ જાય એવું નથી. ઊલ્ટાનું તેઓ તો આપણા હૃદયમાં ગુપ્ત રીતે રહેલા જ છે અને આપણે તેમને સાચા ભાવથી ક્યારે બોલાવીએ તેની રાહ જોઈ રહ્યા છે. પ્રાર્થના માટે નિશ્ચિત શબ્દો કે પદ્ધતિની જરૂર નથી—જરૂર છે ભગવાન પ્રત્યેના ભાવની.

રશિયાના મહાન તત્ત્વચિંતક લીયો ટૉલ્સટૉયની એક દૃષ્ટાંત કથા છે. જેમાં એક ટાપુ ઉપર ત્રણ આદિવાસીઓ રહેતા હતા. તેઓ તદ્દન અણઘડ હતા પણ ભગવાનમાં માનતા હતા. એટલે દરરોજ ભગવાનને કહેતા : ''હે ભગવાન, અમે ત્રણ છીએ, તું પણ ત્રણ છે. તું અમને તાર'' આવું ભગવાનને વારંવાર કહ્યા કરતા. અને ખરેખર, અનેક આફતોમાંથી તેઓ ઊગરી જતા. જ્યારે કંઈ પણ ભયજનક જણાય ત્યારે આ પ્રાર્થના કરતા. હવે દરિયાઈ તોફાનને કારણે એક પાદરીની નૌકા આ બેટ સુધી ઘસડાઈ આવી. પાદરી બેટ પરના આ ત્રણ આદિવાસીઓને મળ્યો. તેની સાથે રહ્યો. એમની આવી વિચિત્ર પ્રાર્થના સાંભળીને તેને આઘાત લાગ્યો. તેણે આ આદિવાસીઓને સારા શબ્દોમાં પ્રાર્થના શીખવાડી અને જ્યાં સુધી આ પ્રાર્થના તેઓને બરાબર આવડી નહીં ત્યાં સુધી એ બેટ પર રોકાઈ ગયો. પછી

જતી વખતે કહ્યું કે તમે દરરોજ આ જ પ્રાર્થના કરજો. તે પોતાની નૌકા લઈને પાછો ગયો. થોડે દૂર પહોંચ્યો હશે ત્યાં આ આદિવાસીઓ એણે શીખવાડેલી અટપટી પ્રાર્થના ભૂલી ગયા. આથી તેઓ પાદરીને પૂછવા સમુદ્ર કિનારે આવ્યા ત્યારે વહાણ તો ઘણે દૂર ચાલ્યું ગયું હતું. આથી આ ત્રણે યે ભગવાનને પોતાની જૂની પ્રાર્થના કરી અને દરિયામાં પાણી ઉપર ચાલવા લાગ્યા. પાણી ઉપર ત્રણે ય સડસડાટ ચાલતા ચાલતા પાદરીના વહાણ પાસે આવી પહોંચ્યા અને કહ્યું : ''તમારી શીખવાડેલી પ્રાર્થના અમે તો ભૂલી ગયા. તમે અમને ફરીથી કહો. એમણે પૂછ્યું :'' ''તમે પાણી ઉપર કેવી રીતે ચાલ્યા?'' તો કહ્યું : ''અમારી જૂની પ્રાર્થના કરીને.'' એટલે પાદરીએ કહ્યું : ''મારે તમને હવે કોઇ પ્રાર્થના શીખવવાની જરૂર નથી. તમારી પ્રાર્થના ભગવાને સ્વીકારી લીધી છે. ઊલ્ટાનું મારે તમારી પાસેથી શીખવાનું છે.'' તે દિવસે પાદરીને એ સમજાયું કે આદિવાસીઓની ઢંગધડા વગરની પ્રાર્થના, પોતાની પદ્ધતિસરની પ્રાર્થના કરતાં કેટલી મહાન હતી!

આવી જ એક બીજી દૃષ્ટાંત કથા પણ છે. તેમાં ભગવાનના પાર્ષદે એક દિવસ પૂછ્યું : ''પ્રભુ, અસંખ્ય લોકો રોજે રોજ તમને જાતજાતની પ્રાર્થના કરે છે તો આજની પ્રાર્થનાઓમાં શ્રેષ્ઠ પ્રાર્થના કોની હતી? ત્યારે ભગવાને કહ્યું :'' ''પેલો ગામડિયો હતો ને તેની પ્રાર્થના.''

''પ્રભુ, એણે તો કંઇ પ્રાર્થના જ નહોતી કરી. એ તો માત્ર બારાખડી બોલી ગયો હતો.'' હા, એણે મને કહ્યું હતું કે, ''મને કંઇ ખબર નથી, આવડતું નથી. માત્ર આટલું આવડે છે, એ હું તારી આગળ બોલું છું. એમાંથી તારે જે સ્વીકારવું હોય એ



સ્વીકારજે.'' અને એના હૃદયનો શુદ્ધ ભાવ મેં સ્વીકારી લીધો છે. આમ વિદ્વત્તાભર્યા શબ્દોની પ્રાર્થના કરતાં શુદ્ધ હૃદયથી કરેલી સીધી સાદી પ્રાર્થના કે ભગવાનને કરેલું નિવેદન એમને તુરત જ પહોંચી જાય છે.

તો પછી આપણાં શાસ્ત્રોમાં સ્તુતિ, સ્તોત્રો, સ્તવનો વગેરે આપવામાં આવ્યાં છે. વેદ–ઉપનિષદોમાં પરમતત્ત્વને પામવા માટે જે પ્રાર્થનાઓ છે તેનું પ્રયોજન શું? આ બધામાં પણ પરમતત્ત્વ સુધી લઇ જવાની શક્તિ રહેલી છે. પરંતુ સ્તોત્રના રચયિતાના અંતરમાં જે ભાવ રહેલો હતો એ ભાવની ઉત્કટતા આ સ્તુતિ સ્તોત્રો કરનારાઓના હૃદયમાં હોય તો આ સઘળાં સ્તુતિ સ્તોત્રો આજે પણ પરમાત્માનો સાક્ષાત્કાર કરાવવા સમર્થ છે. પરંતુ આપણે રોજેરોજ યમુનાષ્ટક, સર્વોત્તમ સ્તોત્ર, રામરક્ષા સ્તોત્ર, વગેરેનો પાઠ કરીએ છીએ, પણ વરસો સુધી પાઠ કરવા છતાં આપણને કોઇ અનુભૂતિ થતી નથી. કારણ કે આપણે યંત્રવત્ પાઠ કરતાં હોઇએ છીએ. ઘણીવાર મોઢેથી પાઠ થતો હોય છે, મન અનેક વિચારોમાં ભટકતું હોય છે. આવા પૂજા–પાઠ રોજની યાંત્રિક ટેવ જેવા બની જાય છે. એટલે પછી એનું કોઇ પરિણામ મળતું નથી. એમ છતાં પણ યાંત્રિક તો યાંત્રિક પણ ભગવાન પ્રત્યે ભલે આ પાઠ–પૂજા ટેવ પ્રમાણે થતા હોય તો પણ તેના અદશ્ય સંસ્કારો તો મન ઉપર પડતા જ હોય છે અને ક્યારેક ને ક્યારેક તો હૃદયમાંથી ભાવ જાગૃત થાય તેવી પૂરી શક્યતા પણ રહે છે એટલે કંઇ ન કરવા કરતાં આ રીતે પૂજા–પાઠ કરવાથી ક્યારેક તો ભગવાન તરફનું બારણું ખૂલી શકે છે. યંત્રવત્ ટેવ કે પરાણે, ગમે તે રીતે ભગવાન તરફની કોઇ પણ ક્રિયા એ અંતે તો કલ્યાણ કરનારી જ બની રહે છે.

પ્રાર્થના શબ્દોથી કે સ્તુતિ સ્તવનોથી જ કરી શકાય એવું નથી. એક પણ શબ્દના ઉચ્ચાર વગર મૌનમાં પણ પ્રાર્થના કરી શકાય છે. આ પ્રાર્થના ઉત્તમ છે એમાં મનને શાંત કરીને ભગવાન પ્રત્યે ખુલ્લું કરવાનું છે. એમાં કોઈ માગણી નથી, અપેક્ષા નથી. બસ શાંત અને સ્થિરભાવે પરમ ચેતનામાં પોતાની જાતને ઓગાળવાની પ્રક્રિયા જ તેમાં છે. આ પ્રાર્થના એ એક પ્રકારનું ઊંડું ધ્યાન બની રહે છે અને પરમતત્ત્વની સાથે તાદાત્મ્યની અનુભૂતિ કરાવનાર બની રહે છે.

**★ પ્રાર્થના શા માટે કરવી જોઈએ?**

એક પ્રશ્ન સ્વાભાવિક રીતે જ આપણા મનમાં ઊઠે છે કે આપણે ભગવાનને શા માટે પ્રાર્થના કરવી જોઈએ? તેઓ તો અંતર્યામી છે, આપણને શેની જરૂર છે, આપણે માટે શું સારું, શું ખરાબ, બધું તેઓ જાણે છે તો પછી રોજેરોજ વારંવાર એમને કહેવાની જરૂર શી? વળી આપણી અંદર રહીને તેઓ કાર્ય કરી રહ્યા છે એટલે જ્યારે આપણને જ્ઞાન, વિવેક, વૈરાગ્યની જરૂર હોય તો તે પણ તેઓ માગ્યા વગર જ આપશે. હા, આ વાત સાચી છે. ભગવાન આપણી અંદર રહીને કાર્ય કરે છે. તેઓ બધું જ જાણે છે, પરંતુ જ્યાં સુધી આપણને આપણી અંદર રહેલા એ ભગવાનની અનુભૂતિ નથી થઈ. એની સાથે આપણે એકરૂપ નથી થયા ત્યાં સુધી ભગવાન માગ્યા વગર કશું આપતા નથી. જેમણે સંપૂર્ણ શરણાગતિ સ્વીકારી હોય, એમના ઉપર જ સંપૂર્ણ નિર્ભર હોય, એનું સર્વ પ્રકારનું યોગક્ષેમ ભગવાન જ વહન કરે છે, પણ પછી એ કક્ષાએ માગવાની કંઈ જરૂર જ હોતી નથી. પરંતુ જ્યાં સુધી આપણે અલગતાનો અનુભવ કરીએ છીએ,



આપણાં મન, બુદ્ધિ, અહંકારથી કાર્યો થતાં હોય છે ત્યારે તો ભગવાનને પ્રાર્થના કરવી જ જોઈએ, અહંકાર જ્યાં સુધી અસ્તિત્ત્વમાં છે. ત્યાં સુધી તો પ્રાર્થના કરવી જરૂરી છે, તીવ્રપણે પોકાર કરવો જરૂરી છે.

ઈશ્વરના અસ્તિત્વની ખોજ ધર્મની પ્રયોગ શાળામાં થઈ શકે, ભૌતિકશાસ્ત્રની પ્રયોગશાળામાં નહીં.

આંખમાં કચરો ન પ્રવેશી જાય એ અંગે માણસ સાવધ છે, પગમાં કાંટો ન ઘુસી જાય તે અંગે માણસ જાગ્રત છે, પરંતુ પોતાના પેટમાં કચરાનું પ્રતિનિધિત્વ ધરાવતા અને શરીર માટે કંટક કાર્ય કરતા દ્રવ્યો ન પ્રવેશી જાય એ અંગે માણસ લગભગ બેફિકર છે.

જીવન એક સમાધાન છે. માથું ઉંચુ રાખીને ચાલવામાં તે કપાઈ જવાનો ભય છે જે વૃક્ષ અકકડ ઉભાં રહે છે. તેઓજ તોફાનમાં ઉખડી જાય છે. વેલ હંમેશા ઝુકેલી રહે છે તેથી દરેક આંધી તોફાનમાં તે બચી જાય છે. ધરતી ઉપર ઉગેલા ઘાસને જુઓ તે આંધી સાથે ટકરાતુ નથી, પરંતુ જે દિશામાં પવન વહે છે તે દિશામાં વળી જાય છે. પરિસ્થિતિને ઓળખનારા ઘાસને આંધીતોફાન કંઈ જ કરી શકતા નથી.

# ઝાંઝવા

—સુધા મૂર્તિ

વિષ્ણુ એ કૉલેજ પ્રાધ્યાપક તરીકેના મારા સૌથી પહેલા બેચનો એક તેજસ્વી અને મહત્ત્વાકાંક્ષી વિદ્યાર્થી. અમારો સંબંધ બીજા કરતાં વધારે નજીકનો. એ દેખાવમાં કામણગારો, વાતોમાં બોલકણો અને વિચારમાં સ્પષ્ટ.

કૉલેજના અલગ–અલગ મુદ્દાઓ ઉપર અમે લાંબી અને ગરમાગરમ ચર્ચા કરતાં અને અનેક મુદ્દા પરની અમારી અસહમતી વિશે અમે સંમત હતાં. હું વિષ્ણુને કહેતી, 'મેં તારા કરતાં ઘણી દિવાળી વધુ જોઇ છે. જીવનના બહોળા અનુભવ પરથી હું તને ચોક્કસ કહીશ કે સિદ્ધિઓ, ઇનામો, પદવીઓ કે પૈસાથીય વધારે અગત્યના છે સારા સંબંધો, કરુણા અને મનની શાંતિ.'

વિષ્ણુ સામી દલીલ કરતો, 'મેડમ, આ બધા ભર્યા પેટના ચાળા કહેવાય. તમને જિંદગીમાં બધું મળી ગયું છે ને તમે સુખ–સમૃદ્ધ છો એટલે તમે આવું બોલી શકો છો. ઘણાંય ઇનામો અને સન્માન પણ તમને મળી ચૂક્યાં છે, એટલે તમને એની ખેવના નથી. મારા જેવા લોકો તમને ક્યારેય નહીં સમજાય.' આવા સમયે મોટે ભાગે હું એની સામે હસી લેતી. એની આ નિખાલસતા મને ગમતી.

ભણાવવામાં પણ વિષ્ણુ ઘણો હોશિયાર. ડિગ્રી પૂરી થયા પછી એને માઇક્રોસોફ્ટ, સીએટલ, યુ.એસ.એમાં ખૂબ સારી નોકરી મળી ગઇ. એ એના વિઝાની રાહ જોતો હતો, ત્યાં સુધી



મેં એને મારી કૉલેજમાં ભણાવવા આવવાનું કહ્યું. જ્યારે પણ હું લેબોરેટરીના વર્ગો ન લઇ શકતી ત્યારે મારી અવેજીમાં હું એને મોકલતી. વિદ્યાર્થીઓનો પણ એ ચહીતો થઇ ગયો હતો.

'તું ખૂબ સરસ ભણાવે છે, તો ગંભીરતાપૂર્વક એક સારા અધ્યાપક બનવાનું તું કેમ નથી વિચારતો?' મેં વિષ્ણુને પૂછ્યું.

'અમેરિકાનો મારો એક મહિનાનો પગાર એક શિક્ષકના આખા વર્ષના પગાર જેટલો છે. તો મારે પ્રાધ્યાપક શા માટે બનવું જોઇએ?'

'વિષ્ણુ, આટલી બધી ઉદ્ધતાઇ સારી નહીં. એક શિક્ષકનો આદર એના પગારને લીધે નહીં, એના જ્ઞાન અને એના ભણાવવાને લીધે હોય છે. શિક્ષકના વ્યવસાયને તું માન ન આપે તો કાંઇ નહીં, પણ તારે આવી સરખામણી ન કરવી જોઇએ.'

બસ, પછી તરતમાં જ વિષ્ણુએ એનાં નવાં કાર્ય માટે દેશ છોડ્યો.

ઘણાં વર્ષો, લગભગ એક દસકો પસાર થઇ ગયો. મારા તે વખતના યુવાન વિદ્યાર્થીઓ હવે મધ્યવયે પહોંચ્યા હતા ને હું મધ્યવયથી વૃદ્ધાવસ્થાએ...

એક દિવસ મારી મદદનીશે આવીને કહ્યું કે કોઇ વિષ્ણુ મને મળવા માગે છે. અત્યાર સુધીમાં તો હું ઘણાય વિષ્ણુને મળી હતી, એટલે એ તરત ધ્યાનમાં ન આવ્યો. મારી મદદનીશે ઓળખાણ આપી કે તમારા પહેલા બેચનો એ વિદ્યાર્થી...હું એ જ પળે ઓળખી ગઇ ને એને મળવાનું ગોઠવ્યું. આમેય જૂની

વાઇન, જૂની યાદો અને જૂના વિદ્યાર્થીઓ જીવનમાં મહામૂલા હોય છે!

મુલાકાતના દિવસે વિષ્ણુ એકદમ સમયસર આવી ગયો. એના વાળ પહેલાં કરતાં ઘટી ગયા હતા ને સફેદ થવા માંડ્યા હતા અને એનું શરીર ખાસ્સું વધી ગયું હતું. એણે મોંઘુદાટ શર્ટ અને પ્લેટિનમની હીરાની વીંટી પહેરી હતી, પણ અફસોસ! એનો ચહેરો એક સુક્કા ટમેટા જેટલો ફિક્કો થઇ ગયો હતો, ને ઉત્સાહનો એક છાંટો પણ એના પર નહોતો વર્તાતો. ઊલટાનું એના મોં પર ચિંતાની રેખાઓ હતી...

આવીને એ મારી સામે બેઠો. મેં એના માટે ચા મંગાવી. વિષ્ણુએ મને જોઇને કહ્યું, 'મેમ, તમારી ઉંમર હવે ખરેખર દેખાય છે.'

હસીને હું જાણીતી કહેવત બોલી, 'સમય અને ભરતી કોઇની રાહ જોતાં નથી.' એ સામું ન હસ્યો. 'વિષ્ણુ, તું કેમ છે? પંદર વર્ષ થયાં તને મળ્યે. તારાં જૂના શિક્ષકને યાદ રાખીને મળવા આવ્યો એ સારું લાગ્યું. તું છે ક્યાં? હમણાં શું કરે છે? હજી માઇક્રોસૉફ્ટમાં જ છે?'

'ના, મેડમ. માઇક્રોસોફ્ટ મેં ત્રણ વર્ષમાં છોડી દીધી.' એણે કહ્યું.

'એનો મતલબ, લોકો જે કહે છે કે એક જ સૉફ્ટવેર કંપનીમાં જો કોઇ ત્રણ વર્ષથી વધુ ટકી જાય તો એ વફાદાર હોય, એ વાત ખોટી નથી લાગતી...!'

એણે મારી રમૂજની કોઇ પ્રતિક્રિયા ન આપી. 'તો પછી તું ક્યાં છો?' મેં ફરી પૂછ્યું.



'સિંગાપોરમાં મારી પોતાની કંપની છે. બસો લોકો મારા હાથ નીચે કામ કરે છે. અમને સારો નફો છે.' વિષ્ણુના અવાજમાં મને એની સિદ્ધિના ગર્વનો એક રણકો સંભળાયો જે ખૂબ સ્વાભાવિક હતો.

'અચ્છા એટલે તું સિંગાપોરમાં ઠરીઠામ થયો છે.'

'ખરું જોતાં એમ પણ નથી. કામને લીધે હું અવારનવાર ભારત આવું છું. વસંતવિહાર, દિલ્હીમાં મારું એક મકાન છે, વરલી મુંબઇમાં એક ફ્લેટ, બેંગ્લોરમાં રાજમહેલ વિલાસમાં એક બંગલો, બન્નેરઘટ્ટા રોડ પર એક વાડી...'

મારે એને અટકાવવો પડ્યો, 'વિષ્ણુ, મેં તારી મિલકત વિશે નથી પૂછ્યું. હું આવકવેરા વિભાગમાં કામ નથી કરતી. હું તો માત્ર એ જાણવા માગતી હતી કે સામાન્ય રીતે તું ક્યાં રહે છે?' મેં એને હસાવવા ફરી પ્રયત્ન કર્યો, પણ એ ન હસ્યો.

'વિષ્ણુ, તેં મને તારી આર્થિક સંપત્તિ વિશે તો ઘણું જ કહ્યું. હવે મને તારા વિશે કહે. તું પરણ્યો? કેટલાં છોકરાં છે? એ બધાં શું કરે છે?' એક મા અને એક શિક્ષક પોતાનાં છોકરાંઓને આવા પ્રશ્નો પૂછવાનો અધિકાર આપમેળે જ ભોગવી લેતા હોય છે ને હુંય અપવાદ નથી. કેટલાક લોકોને એમના વ્યક્તિગત જીવનને લગતા મારા આવા પ્રશ્નો સામે વાંધો હોય તો મને તરત અણસાર આવી જાય ને હું અટકી જાઉં, પણ મોટા ભાગના મને એમની વાતો આનંદથી કરતા હોય છે.

'હા, હું પરણ્યો છું. મારે આઠ વર્ષની એક દીકરી છે.'

વિષ્ણુએ એના પાકીટમાંથી એના કુટુંબનો એક ફોટો કાઢીને મને બતાવ્યો. કૉલેજમાં એ એનાથી પાછળના વર્ષની એક

છોકરી ભાગ્યા સાથે ફરતો, પણ ફોટામાં એ નહોતી. એ ફોટાવાળી મૉડલ જેટલી આકર્ષક હતી ને એની દીકરી પણ જોતાં જ ગમી જાય એવી હતી.

એની જિંદગી મને એક સંપૂર્ણ ચિત્ર જેવી આદર્શ લાગી. એ સફળ હતો, શ્રીમંત હતો ને એની દેખાવડી મૉડલ પત્ની ને એક બાળકી હતાં. બીજું જોઈએ શું જીવનમાં? આટઆટલું મેળવ્યા પછી તો એ ખૂબ ખુશ અને ઉત્સાહમાં હોવો જોઈએ, પણ એવું નહોતું. હું કારણ નહોતી જાણતી, પણ એટલું ચોક્કસ જાણતી હતી કે વિષ્ણુ જ મને એ કહેશે. હું બોલતી અટકી ને મેં વિષ્ણુને અવકાશ આપ્યો.

ધીમે—ધીમે વિષ્ણુ ખૂલ્યો, 'મેડમ, મને એક મુશ્કેલી છે ને એના વિશે મારે તમારી સાથે થોડી વાત કરવી છે.'

'કેવી મુશ્કેલી? ને તું એવું કેમ ધારે છે કે મારી પાસે એનો ઉકેલ હશે? ખરેખર તો તારા જેવી સફળ વ્યક્તિએ મારા જેવી એક વૃદ્ધ શિક્ષકની મદદ કરવી જોઈએ.' એનો તનાવ ઘટાડવા મેં મજાક કરી.

'સફળતા સાથે આને કોઈ લેવાદેવા નથી, મેડમ. છેલ્લાં કેટલાંક વર્ષોથી હું ખૂબ ઉદાસ રહું છું. જીવનમાં જાણે કશુંક ખૂટતું હોય એવું લાગ્યા કરે છે. હું એ તમને બરાબર સમજાવી નથી શકતો.' એણે કહ્યું, 'કોઈ કરતાં કોઈ બાબત મને આનંદ નથી આપતી. મારા દિલને કાંઈ સ્પર્શતું નથી. અરે, હૃદય વલોવી નાખે એવી ઘટના પણ નહીં. મને એવું અનુભવાય છે જાણે હું રણનો મુસાફર હોઉં, પાણી વિના તરફડતો હોઉં ને આસપાસના રસ્તે સોનું—ચાંદી મઢ્યા હોય…'



મેં સીધું જ પૂછ્યું, 'કોઈ ડૉક્ટર કે સલાહકારને તું મળ્યો?'

'હા, એમણે કહ્યું કે જિંદગી માણવા હૃદય કરુણામય હોવું જોઈએ. એ લોકોએ મને પુસ્તકો વાંચવા કહ્યું. સાથે—સાથે એમણે મને સૂર્યોદય જોવાની, પક્ષીઓને સાંભળવાની, દૂર સુધી ચાલવા જવાની, નિયમિત કસરત કરવાની અને આ બધી રીતે મનને આનંદમાં રાખવાની સલાહ આપી.'

'બરાબર, પછી?'

'બધી પ્રવૃત્તિઓથી મારું વજન ઊતર્યું, પણ બીજો કોઈ ફાયદો ન થયો. હું ફરી એક માર્ગદર્શક પાસે ગયો. એણે મને સોમાલિયાના પ્રવાસે જવા કહ્યું.'

'કેમ સોમાલિયા?' સાંભળીને મને આશ્ચર્ય થયું, 'યુરોપ, હોંગકોંગ ને બેંગકોકના પ્રવાસની મને ખબર છે, પણ સોમાલિયાના પ્રવાસ વિશે મેં ક્યારેય સાંભળ્યું નથી. પછી? તું સોમાલિયા ગયો? ત્યાં તેં શું કર્યું?' હું આતુર હતી જાણવા માટે…

'ઓહ! એ લોકો અમને અનાથાશ્રમ, એચઆઈવી—એઇડ્સ અને નબળાઈ ને ભૂખમરાથી પીડાતા દર્દીઓ અને બાળકોની જુદી—જુદી છાવણી જોવા લઈ ગયા. એનાથી પણ કાંઈ ન વળ્યું. મને કોઈ જાતની સંવેદના ન થઈ. મારું મગજ તો ઊલટાનું સોમાલિયા કઈ રીતે અમેરિકા કે બીજા રાષ્ટ્રોને નિકાસ કરી શકે, એ ગણતરીમાં વ્યસ્ત થઈ ગયું. મેડમ, મારી જગ્યાએ જો તમે હોત તો તમે શું કર્યું હોત?' એણે મને પ્રશ્ન કર્યો.

# ચશ્માની જોડ

—ડૉ. આઈ. કે. વિજળીવાળા

એક ઘરડા સુથારદાદા અમેરિકાના એક ચર્ચમાં થોડાંક ખોખાં પેક કરી રહ્યા હતા. એ ચર્ચ ચીનમાં આવેલ એક ખ્રિસ્તીમઠનાં અનાથાશ્રમને કપડાં મોકલી રહ્યું હતું. બધો સામાન એ જ દિવસે રવાના કરવાનો હતો એટલે જ્યાં સુધી બધાં જ ખોખાં પેક ન થઈ જાય ત્યાં સુધી સુથારદાદાને આરામ મળે એવું નહોતું. એ પણ બરાબર ધગશથી પોતાનું કામ કરી રહ્યા હતા. છેલ્લામાં છેલ્લું ખોખું પેક કરી, વહાણમાં ચડાવવા માટે રવાના કરી દીધા પછી એમણે પોતાનો સામાન પેક કર્યો. એ પછી થોડીવાર આરામ કર્યો. ત્યારબાદ પોતાના ઘર તરફ પ્રયાણ કર્યું.

ચર્ચમાંથી બહાર નીકળીને એમણે પોતાનાં ચશ્માં બહાર કાઢવા ખિસ્સામાં હાથ નાખ્યો. પરંતુ ચશ્માં ગાયબ હતાં. એમણે ચર્ચમાં પાછા જઈને પોતે જ્યાં જ્યાં ગયા હતા એ દરેક ખૂણાની અને જગ્યાની બરાબર તપાસ કરી જોઈ, પરંતુ વ્યર્થ! એમનાં ચશ્માં ક્યાંયથી ન મળ્યાં. ઘણું વિચાર્યા પછી એમના મનમાં ઝબકારો થયો કે કદાચ એકાદ ખોખું પેક કરતી વખતે ચશ્માં ઉપરના ખિસ્સામાંથી નીકળીને એ ખોખામાં પડી ગયાં હોય એવું તો નહીં બન્યું હોય ને? અને એ વાતથી અજાણ પોતે એ ખોખું પેક પણ કરી દીધું હોઈ શકે! એમને તરત જ ધ્રાસ્કો પડ્યો કે જો એવું બન્યું હશે તો આટલી વારમાં એ ચશ્માં કોઈ વહાણના ભંડકિયામાં પહોંચી ગયાં હશે અને ભલું હશે તો અત્યારે ચીન તરફ રવાના પણ થઈ ગયાં હશે.



હવે એ ચશ્માંની જોડ નહીં જ મળે તેવી ખાતરી થઈ ગઈ હતી છતાં મનના સંતોષ ખાતર એમણે વધારે એકાદ કલાક એની શોધ ચલાવી જોઈ. પરંતુ એમની ધારણા મુજબ ચશ્માં ન જ મળ્યાં. એમના મનમાં વિષાદ વ્યાપી ગયો. ભારે મન સાથે એમણે ભગવાનને પ્રાર્થના કરી, અરે! એમ કહેવાય કે ફરિયાદ જ કરી કે, ‘હે પ્રભુ! માંડ માંડ થોડાક પૈસા બચાવીને મેં નવાં ચશ્માંની જોડ ખરીદી હતી. જો તો ખરો! તારું કામ કરતી વખતે જ એ ખોવાઈ ગયાં! આ બરાબર ન કહેવાય ભગવાન!’ એટલું કહીને ઉદાસ મન સાથે એ પોતાના ઘરે જવા નીકળ્યા.

એક ચશ્માંની જોડ માટે મન આટલું ઉદાસ થવું કે દિલમાં આટલાં દરદ થવું તે એ સમયે ખૂબ જ સ્વાભાવિક હતું. એ સમય જ એવો હતો કે આવી ફરિયાદભરી પ્રાર્થના થઈ જ જાય, કારણકે એ સમય હતો સમગ્ર દુનિયાની મહામંદીનો. ૧૯૩૦ની સાલ પછીના એ સમયગાળામાં કોઈને પૈસો પણ વ્યર્થ ખર્ચ કરવાનું જરાય પોસાય તેમ નહોતું. એવી પરિસ્થિતિ લગભગ આખી દુનિયામાં ઊભી થઈ હતી. લગભગ દરેક દરેક દેશ મંદીની કારમી ચુંગાલમાં ફસાઈ ગયો હતો.

સુથારદાદાની પ્રાર્થનાનું કે ફરિયાદનું કારણ પણ એ જ હતું. પરંતુ એ ખૂબ જ શ્રદ્ધાળુ હતા. એમણે ભગવાનને ફરિયાદ જરૂર કરી હતી, પરંતુ ભગવાન સામે એમને કોઈ જ ફરિયાદ નહોતી. આવું બનવા છતાં દર રવિવારે પ્રાર્થનાના સમયે એ ચર્ચમાં અચૂક પહોંચી જતા અને એટલા જ ભક્તિભાવથી પ્રાર્થના પણ કરતા.

આ બનાવના થોડા મહિના પછી એક રવિવારની પ્રાર્થનાસભામાં ચીનના ચર્ચથી એક પાદરી આવ્યા. એમના

ચર્ચના અનાથાશ્રમને અમેરિકાથી જે કોઇ ચર્ચે મદદ કરેલી એ બધા જ ચર્ચનો તેમજ એની સાથે સંકળાયેલ લોકોનો આભાર માનવા માટે એ આવેલા. સુથારદાદાના ચર્ચમાં પણ એમણે પોતાના દિલની લાગણીઓ રજૂ કરી. એ વખતે સુથારદાદા ચર્ચમાં બધાની પાછળ એક ખૂણામાં બેઠા હતા.

ચીનથી આવેલા પાદરીએ બધાનો આભાર માનતા કહ્યું, ‘અમારા ચર્ચને અને અનાથાશ્રમને મદદ કરવા બદલ હું અમેરિકાના દરેક ચર્ચનો ખરા હૃદયથી આભાર માનું છું. પરંતુ સૌથી વધારે અને ખાસ આભાર તો મારે આ ચર્ચનો જ માનવો પડશે. તમને નવાઇ લાગશે કે તમારા ચર્ચનો ખાસ આભાર શા માટે? પરંતુ તમને સૌને કદાચ યાદ નહીં હોય, પરંતુ એ આભાર પેલી ચશ્માંની જોડ માટે માનું છું. તમે સૌ જાણો જ છો કે સામ્યવાદી ચીનનાં લોકોને ખ્રિસ્તી ચર્ચ માટે ભારોભાર નફરત હોય છે. થોડા મહિના પહેલાં એવા જ થોડાક લોકોએ આવીને અનાથાશ્રમ તેમજ ચર્ચમાં મોટાપાયે તોડફોડ કરી હતી. એમાં અન્ય સામાન સાથે મારાં ચશ્માં પણ તૂટી ગયાં હતાં. એ તોફાનમાં નવાં ચશ્માં કરાવવા માટે દૂરના શહેરમાં જવું જોખમી તેમજ અશક્ય હતું. એક તરફ નવાં ચશ્માં બને તેમ નહોતાં અને બીજી તરફ ચશ્માં વગર હું જાણે સાવ અટકી જ પડ્યો હતો. નહોતો હું કાંઇ વાંચીલખી શકતો કે નહોતો કાંઇ સ્પષ્ટ જોઇ શકતો. મારા માથાનો દુઃખાવો પણ મને શાંતિ લેવા નહોતો દેતો. ધીમે ધીમે માથાનો દુઃખાવો એટલો બધો વધી ગયો કે હું ચૂપચાપ બેસીને પ્રાર્થના કરવા સિવાય બીજું કાંઇ જ કરી શકતો નહોતો. ચર્ચને જ્યારે મારી ખૂબ જ જરૂર હતી ત્યારે જ



હું સાવ અપંગ બની ગયો હતો. બરાબર એ જ વખતે આ ચશ્માંનો ચમત્કાર બન્યો. તમારા ચર્ચ તરફથી મોકલાયેલ ખોખાં ત્યાં આવી પહોંચ્યાં. અમે જોયું તો કપડાંના એક ખોખામાં ઉપર જ ચશ્માંની સાવ નવી જોડ પડી હતી!’

ચીનથી આવેલ પાદરી બે ક્ષણ અટક્યા. ત્યાં હાજર લોકો પર એક નજર નાખી. હજુ પણ એ ઘટનાથી નવાઇ પામતા હોય તેમ આકાશ સામે જોયું. પછી બોલ્યા, ‘તમે લોકો કદાચ નહીં માનો, પરંતુ મેં જ્યારે એ ચશ્માં પહેર્યાં ત્યારે મને એવું લાગ્યું કે જાણે એ મારા માટે જ બનાવવામાં આવ્યાં ન હોય? મને બધું બરાબર દેખાતું થઇ ગયું. બીજા દિવસથી મારો માથાનો દુઃખાવો પણ ગાયબ થઇ ગયો. અમે બધા રાજી થઇ ગયા. શિયાળો શરૂ થાય એ પહેલાં અમારે ઘણાં બધાં કામો પતાવવાનાં હતાં. ખાસ તો તૂટેલા અનાથાશ્રમને ઘણી બધી મરમ્મતની જરૂર હતી. અમારી એ જવાબદારી જો હું બરાબર કામ કરી શકું તો જ પૂરી થાય એમ હતી. એટલે તમારા ચર્ચની સાચા દિલથી આભાર માનું છું, કારણ કે જો તમે એ ચશ્માંની જોડ ન મોકલી હોત તો અમારાં અનાથ બાળકો આ શિયાળામાં હેરાન થઇ જાત. તમારા આવા સમયસરના કૃત્ય માટે હું પ્રાર્થના કરું છું કે ઈશ્વર તમારા પર ખૂબ કૃપા કરે!’

એટલું બોલીને ચીનથી આવેલ પાદરીએ પોતાની વાત પૂરી કરી. લોકોને આ વાત સાંભળીને ખૂબ આનંદ થયો. પરંતુ ચર્ચના કાર્યકર્તાઓમાં ગણગણાટ ફેલાઇ ગયો. વસ્તુઓ મોકલવાની યાદી બનાવનાર લોકો ધીમે ધીમે એકબીજાને પૂછતા હતા કે, ‘આપણાં લિસ્ટમાં ચશ્માંની જોડ તો ક્યાંય હતી નહીં, તો આ ચશ્માં મૂક્યાં કોણે?’

એ લોકોની આવી ધીમી ચર્ચા તેમજ ગુસપુસ ખાસ્સો વખત ચાલી.

ચર્ચનું કામ પૂરું થયું. બધા વીખરાઈ રહ્યા હતા. પરંતુ એ વખતે બહાર જઈ રહેલા ઘણા લોકોને એ સમજાતું નહોતું કે હજુ પેલા સુથારદાદા નીચું જોઈને પોતાની જગ્યાએ શું કામ બેઠાં છે અને એમની આંખમાંથી આમ અવિરત આંસુ શું કામ વહે છે?!

પરંતુ સુથારદાદાને એ બધું જ બરાબર સમજાઈ ગયું હતું જે લિસ્ટ બનાવનાર લોકોને કે ત્યાં ઉપસ્થિત કોઈને પણ નહોતું સમજાયું. ભગવાનની લીલા વિશે મનોમન અભિભૂત થતા અને અવિરત આંસુ સારતા એ વિચારતા હતા કે પોતાના જેવા સાવ સામાન્ય માણસનો એણે કેવો અદ્‌ભુત ઉપયોગી કરી લીધો હતો? કઈ વસ્તુ ક્યારે કોને મોકલવી અને કઈ રીતે મોકલવી એનો એનાથી વધારે સારો હિસાબ બીજા કોની પાસે હોય? હા! એ ક્ષણે પ્રથમ વખત એમને પોતાનાં ચશ્માં ખોવાઈ ગયાં એ વાતનો અપાર આનંદ થયો હતો!

જેણે વ્યવહારના વિષયભોગોની ઈચ્છાઓને મારી નાંખી છે, તેને હવે કદાપિ મરવાનો ભય લાગતો જ નથી, કારણ કે તે તેના મૂળ સ્વરૂપમાં રત છે અને તે મૂળ સ્વરૂપ તો સદાયે જીવંત છે.

ગૃહસંસારને વખોડવા જેવો નથી, પરંતુ તેના પ્રત્યેની વિષયાશક્તિ વખોડવા જેવી છે.

**—પૂ. ગુરુદેવ દયાનંદતીર્થજી**



# પૂ.માની ઈટાલી યાત્રા—રોમ

**—મા સર્વેશ્વરી**

**તા. ૧૦/૦૭/૨૦૧૧ (ચાલુ)**

પોપ અંગે વિશેષ માહિતી આપતાં આપણા ગાઈડ કહેતા હતા કે પોપ કદી કોઈને વ્યક્તિગત મળતા નથી, પણ જે એમને ખાસ મળવા માંગતા હોય તો ૧ કલાકના ૧૫ હજાર યુરો આપો તો જ તમને તે વ્યક્તિગત મુલાકાત આપે. ૧૫ હજારો યુરો એટલે ભારતના આશરે તેર લાખ રૂપિયા ગણાય. (એક યુરોનો ભાવ હાલમાં રૂ. ૮૦ ઉપર છે)

૧૩ લાખ રૂપિયામાં વ્યક્તિગત મુલાકાત એક કલાકની આપે.

વળી આ વિશાળ ચર્ચમાં જો કોઈને લગ્ન કરવાં હોય તો એક કલાકના ૭,૦૦૦ યુરો ભાડું છે.

અને વળી પોપની આ વિશાળ સંપત્તિમાં ભોજનાલયના જે ત્રણ ઓરડા છે તે ઓરડાનું ભાડું ૪૫ હજાર યુરો છે. ભોજનનો ચાર્જ તો અલગ.

પોપના બગીચામાં માત્ર ૪૦ મિનિટ માટે જોવા જવું હોય તો તેની ફી ૭૫ યુરો છે. (અંદાજે રૂા. ૬,૦૦૦)

આપણા ગાઈડે આપેલી માહિતી બે—બે વાર પૂછીને આપણી મંડળી નોંધતી હતી. એટલે આ બધી જ વાતોને આટલી ફીની વાતો જો પૂર્ણ સત્ય હોય તો તે અચરજ સાથે એ વાત નોંધવી પડે જે હોય તે ઉપરવાળા પ્રભુ તો સત્ય જાણે જ છે ને!

આગળ પોપનું જે ભવન હતું તેમાં ૯૩૨ ઓરડા હતા તે આખું ભવન ઈટાલીના વડાને પોપે અર્પણ કર્યું છે, જેમાં ઈટાલીના પ્રમુખ રહે છે.

પોપના હાથમાં બે ચાવી પ્રતીક તરીકે રહે છે. એક સોનેરી ચાવી અને એક ચાંદીની ચાવી.

એનો ભાવાર્થ એવો છે કે સોનેરી ચાવી એટલે આધ્યાત્મિક શક્તિ અને ચાંદીની ચાવી એટલે રાજ્ય સત્તાની શક્તિ.

બન્ને ક્ષેત્રના ભંડાર જાણે પોપના હાથમાં છે. એવો કંઈક અર્થ સમજાયો છે.

પોપના મસ્તકે સામાન્ય રીતે સફેદ ગોળ નાનકડી ટોપી હોય છે. એનો ભાવાર્થ ભગવાન તમારા મસ્તકે સતત બિરાજે છે. અથવા ભગવાનના વરદ હસ્તનો સ્પર્શ તમારા મસ્તકે છે.

પોપના જોડેલા હાથ પ્રાર્થનાનું પ્રતીક છે.

પોપનગરીની આટલી બધી વિશેષતાની નોંધ હવે અહીં પૂર્ણ થાય છે.

ચર્ચના વિશાળ હોલમાં અનેક શિલ્પ છે.

માઈકલ એન્જેલોનું ખૂબ પ્રસિદ્ધ શિલ્પ પણ અહીં છે જેમાં માતા મેરી યુવાન અને એના અંકમાં ઈશુ વૃદ્ધ હોય એવું શિલ્પ છે.

જાહેરમાં એ શિલ્પ મૂકાયું ત્યારે ચર્ચા થઈ કે શા માટે ઈશુ વૃદ્ધ ને માતા યુવાન રજૂ કરી છે?

૨૪ વરસના આ માઈકલ એન્જેલોએ શિલ્પી તરીકે સૌને સમજાવ્યું કે માતા મેરી કદી વૃદ્ધ થતાં નથી, કારણ માતા દૈવી



શક્તિનું પ્રતીક છે. એ દૈવીસ્વરૂપ જગતજનની છે એનો આદિ કે અંત નથી. અજર અમર છે.

એટલે કે શિલ્પકાર માઈકલ માત્ર ચિત્રકાર, આર્કીટેકટ જ ન હતો, પણ ૨૪ વર્ષનો એ યુવાન અધ્યાત્મને સમજનાર એક સાધક પણ હતો, એવું માને લાગે છે.

૨૪ વરસની નાની ઉંમરે એવું ભવ્ય શિલ્પ તૈયાર કરવા પાછળ હૃદયમાં કેવો પવિત્ર ભક્તિભાવ માઈકલમાં હશે!

આ શિલ્પ વિશ્વપ્રસિદ્ધ છે. સૌનું પ્રિય છે.

આ ચર્ચમાં ઘણાં—ઘણાં શિલ્પ છે, જેમાં જ્યાં ને ત્યાં દેવદૂતો નાના બાળકોના રૂપમાં, પાંખવાળા પાર્ષદો પણ શિલ્પમાં દેખાય છે.

જે જે પાપ વિદાય થયા તેનાં તેનાં સ્વરૂપ નીચે પણ બે દેવદૂત બાળકો જાણે ઉંચકીને સ્વર્ગમાં લઈ જતા હોય એવાં શિલ્પ પણ છે.

વિવિધ પથ્થરના ભૂકામાંથી રંગ બનાવીને બનાવેલા અદ્‌ભુત ચિત્રો જોવા મળે છે. સોનાનો ઢોળ પણ ચઢાવેલો છે.

ચર્ચમાં બાઈબલનું સમજણ આપતું વાંચન એટલે કે પ્રવચન જેવું પણ થતું હોય છે.

કોઈક ને કોઈક ઉત્સવ જેવું પણ ઉજવાતું રહે છે.

રોમમાં ટ્રેવી ફાઉન્ટન પણ જોવા જવાનું બને છે. વિશાળ સ્મારક, સતત જળદેવતાની યાત્રા થતી રહે છે.

હિન્દુ ધર્મમાં જેમ ત્રણ—બ્રહ્મા, વિષ્ણુ, મહેશ છે એ રીતે અહીં પણ ફાધર—પરબ્રહ્મ પરમાત્મા.

ભગવાનનો પુત્ર–ઈશ

કબૂતરને શાંતિદૂત તરીકે ગણવામાં આવે છે.

ટ્રેવી ફાઉન્ટન સદીઓ પહેલાંનું સ્મારક છે. મારબલમાં ઘણી મોટી ઊંચી પ્રતિમા છે. જે વરુણદેવ–જળદેવતા તરીકે જોવા મળે છે. તેના હાથમાં ત્રિશુલ હતું, આજે તો તે તૂટી ગયું છે.

વળી જળદેવતાની એક બાજુ શ્રી લક્ષ્મીજી અને બીજી બાજુ ન્યાયનું ત્રાજવું પ્રતીકરૂપે હતું. વળી કબૂતર પણ શાંતિદૂત તરીકે શિલ્પમાં કંડારાયેલું હતું.

આખું સ્મારક ખૂબ મોટું અને સૌનું ધ્યાન દોરે તેવું હતું.

અહીં પણ એક મોટું ચર્ચ હતું. મા સહિત મંડળી શાંતિથી પ્રવેશી છે.

ચર્ચમાં પાદરી ને તેની સામે ત્રણ કે ચાર સ્વજનો ઉભા ઉભા શાંતિથી તાલબદ્ધ રીતે ગાતા હતા. પ્રાર્થના કરતા હતા.

બીજું પણ ચર્ચ જોવાનું છે જેમાં વિશ્વનો પહેલો મોટો ડોમ છે.

વિવિધ વિશેષતાથી ભરેલું રોમનગરીનું એ છેલ્લું સ્થળ હતું જેને સૌ જોવાલાયક સ્થળમાં ગણાવતા હતા.

વિશ્રામસ્થળે આવી ગયાં. આવતીકાલની યાત્રાના બોર્ડીંગ પાસ શ્રી વિનોદભાઈએ કોમ્પ્યુટરથી લઈ લીધા છે.

બપોરે સૌ ભોજન પછી પણ સાંજે જમવા જવું પડે એવી આરોગ્યથી સંપન્ન મંડળી હતી.

આવતીકાલની તૈયારી કરવાની હતી.



બપોર પછી મા અને માની સાથે સૌ બજારમાં પદયાત્રા કરીને પ્રેમથી ફરી રહ્યાં છે.

હવે આજે વિશ્રામનું જ કાર્ય હતું. એટલે આવીને આવતીકાલની પાછી રોમ થી લંડન થી યુ.એસ.એ જવાની તૈયારી શરૂ કરી.

મોડી રાતે બધી તૈયારી થઈ ગઈ. ઇટલીની ધરતીને પણ સલામ.

હે મારા નાથ, પ્રણામ, પ્રણામ, પ્રણામ.

(ક્રમશઃ)

પ્રભુએ માનવને નરમાંથી નારાયણ થવાની ક્ષમતા આપી છે. આટલું જ એ સમજે કે માનવ જીવન વેડફી દેવા માટે નથી, પણ આપણી અંદર જે પ્રભુનું ચૈતન્ય છે, તેને ઓળખીને....સ્વને પામીને અને તેની કૃપાના અધિકારી બનીને માનવ માનવતાની મૂડી જ્યાં સુધી ન વિકસે ત્યાં સુધી જીવનમાં સુવાસ નહીં ફેલાય.

મુક્તિનું મોટામાં મોટું સાધન ભક્તિ છે. ભક્તિ થકી સર્વ સંસાર સુખી થાય છે. અરસ–પરસમાં પ્રેમભાવ મૈત્રી અને વિશ્વબંધુત્વ ભાવ પ્રગટે છે. તેથી જ આ સર્વની ઉપર હર સમય સંતોનું પ્રાગટ્ય થાય છે. અને તેઓ જીવનપર્યંત ભક્તિની સ્થાપના કરવાના જ પ્રયાસ કરે છે.

# મહાપાપી

—ધૂમકેતુ

## બીલીપત્ર

સાધ્વી મહારાણી અહલ્યાબાઈ, એક વખત સંધ્યા સમયે, પોતે ઊભા કરવા ધારેલા મંદિરના સાન્નિધ્યમાં ઊભાં હતા. શિલ્પીઓ ત્યાં હાથ જોડીને એમની સામે ઊભાં રહી ગયા હતા.

થોડે દૂર એમની પાલખી હતી.

આસપાસ ઘોડેસવાર સૈનિકો હતા. દૂરદૂર નર્મદાનાં જળ વહી રહ્યાં હતા. એ વખતે આસપાસમાં કોઈ સરદાર મંદિરના અદ્‌ભુત દેખાવની પ્રશંસા કરી રહ્યો હતો, તો બીજો 'યાવચ્ચંદ્રદિવાકરૌ' રહી જનારી 'નામના'ને વખાણી રહ્યો હતો.

સાધ્વી મહારાણી એ બધી વાતો સાંભળી રહી હતી, પણ એના દિલમાં તો મહાશોકનો સાગર વહી રહ્યો હતો.

એના દિલમાં સ્વજનોનો શોક હતો, અને પોતાની સાચી વાતને ટાળી નાખનારી આ અતિ પ્રશંસાનો પણ શોક ઊભો થઈ રહ્યો હતો.

આ મંદિર એની એકની—એક પુત્રી મુક્તાબાઈની યાદમાં એ બંધાવી રહી હતી એ ખરું, પણ માત્ર વાત એટલી જ ન હતી. થોડા જ વખત પહેલાં મુક્તાબાઈનો એકનો—એક પુત્ર મરણ પામ્યો હતો અને પછી થોડા સમયને અંતરે એનો પતિ પણ એ શોકમાં ગુજરી ગયો. એ અસહ્ય વેદનામાં મુક્તાબાઈ સતી થઈ ગઈ!



મહારાણી અહલ્યાબાઈ જોતાં રહ્યાં, અને મુક્તાબાઈ નામશેષ થઈ ગઈ. મક્કમ મનોબળવાળી મુક્તાબાઈએ કોઈની જ વાત કાને ન ધરી તે ન જ ધરી.

અહલ્યાબાઈનું રુદન પણ એને ડગાવી ન શક્યું.

અહલ્યાબાઈએ પોતે પણ જુવાન પુત્ર ખોયો હતો. જુવાનીમાં પતિ ગુમાવ્યો હતો. છતાં કાળજું કઠણ કરીને એ અસહ્ય વેદનાએ ગમે તેમ સહી રહી હતી, ત્યાં આ નવી વેદના આવી. એણે પુત્રી ગુમાવી હતી. પુત્રીનો પુત્ર ગુમાવ્યો હતો, અને જમાઈ પણ ખોયો હતો. તે છતાં પણ, અપાર ધીરજથી એ સંસાર ચલાવતી રહી હતી. શોકસાગરમાં જેણે સત્કર્મની નૌકા વહેતી મૂકી તે શોકસાગરના તળિયામાં રહેલાં આનંદમોતી મેળવે છે, એ એક જ પરમ સત્યને આધારે એનું જીવન ટકી રહ્યું હતું અને વહી રહ્યું હતું. ઉપર સંસાર દેખાતો હતો, કામ દેખાતાં હતાં; પણ નિત્યના કામ નીચે શોકસાગર વહેતો હતો.

પણ આ પરમ સત્યને સમજવાને બદલે, લોકોમાં તો એની 'દેવી' તરીકેની નામના ઊભી થતી એણે જોઈ. એના અવતારની ગાથાઓ એના સાંભળવામાં આવી. એની આસપાસ કંઈક વાતોનાં જાળાં ઊભાં થવા માંડ્યાં, અને એમાં એણે મેળવેલી મૂળ વસ્તુ—સત્કર્મનો મહિમા—ખોવાઈ જવા માંડ્યો. માણસનો મહિમા ઊભો થતો હતો. અને એ મહિમા ઈશ્વરના મહિમાને પણ અળગો કરે એવું ભયંકર કઢંગું રૂપ ધારણ કરતો હતો. અહલ્યાબાઈના હૃદયમાં વેદના જાગતી હતી. એને આ પાપ પોતાને આંગણે આવતું દેખાતું હતું.

પોતે પોતાનો શોક સહેવા માટે જે કામ કરી રહી હતી તેને લોકોએ અતિ પ્રશંસામાં કેવું દૈવી રૂપ આપી દીધું હતું? અને એ એક મહાપાપ હતું એ સમજણ લોકોમાં નહોતી!

અત્યારે પણ આ મંદિર 'યાવચ્ચંદ્રદિવાકરૌ'ની નામના માટે બંધાઈ રહ્યું છે, એ જ વાત બધે થતી એણે જોઈ.

પણ જડમાં જડ પથ્થર, ઈશ્વરના નામે જે કોઈ એને મૂકે તે પથ્થર, એને માટે શોક તરવાનું સાધન બને, બીજાને માટે એ પ્રાર્થનાનું ધામ બને, એ વાત ભુલાઈ ગઈ. એને બદલે કીર્તિના સ્તંભો જ સૌનાં મનમાં આવીને વસ્યા.

અહલ્યાબાઈ પોતાના સ્વજનોનો શોક અને લોકની અતિ પ્રશંસાનો ભયંકર પાપશોક, એ બન્નેને સહેતાં ત્યાં શાંત ઊભાં રહી ગયાં હતાં. નર્મદાનાં પાણી ઉપર એમની નજર ઠરી ગઈ હતી. એમને કંઈક આશ્વાસન એમાંથી મળ્યું.

આ નદીને કિનારે અનેક નગરો ઊગ્યાં, ફૂલ્યાં, આથમ્યાં, એમ જ આય આથમી જશે, ને એનું નામ ભુલાઈ જશે; છેવટે તો ઈશ્વરનો મહિમા જ રહેશે.

એ વિચારકણિકા એમને કંઈક આશ્વાસન આપી ગઈ.

એમની એ વિચારકણિકાની કસોટી હોય તેમ, એ નર્મદાનાં નીર જોતાં હતાં ત્યાં, એક વિખ્યાત શાસ્ત્રીને એમણે પોતાની તરફ આવતો જોયો.

એના હાથમાં કંઈક પોથી હતી, મોંએથી પણ કંઈક બોલતો આવતો હતો. તે પાસે આવ્યો. અહલ્યાબાઈ એને બે હાથ જોડીને નમ્યાં. એને શાંતિ થી સાંભળવા એની સામે જોઈ રહ્યાં.



શાસ્ત્રીજીએ પોથી ઉઘાડી. તેમાંથી ગીર્વાણ ભાષામાં લખેલા શ્લોકો બોલવા માંડ્યા. એક તો ગીર્વાણ ભાષા, શાસ્ત્રીના અત્યંત શુદ્ધ સુંદર ઉચ્ચાર, શ્લોકબદ્ધ કાવ્યના મધુર સ્વરો, અને નર્મદાનો કિનારો!

ઘડીભર તો લાગ્યું કે જાણે દેવવાણીમાં આકાશ પોતે બોલી રહ્યું છે!

પ્રશંસા પૂરી થઈ. એમાં અહલ્યાબાઈને દેવીતુલ્ય ગણીને પુષ્પોના ઢગની વચ્ચે મૂર્તિરૂપે મૂક્યાં હતાં. વાંચનાર–સાંભળનાર સૌનાં દિલમાં એ વાણીના મધુર પડઘા હજી પણ ઊઠતા હતા. એવી મનોહર એ વાણી હતી.

પથ્થરના કરતાં પણ વધારે ટકનારા શબ્દોનાં કંડારણ જોઈને સૌ ડોલી ગયા હતા.

હમણાં મહારાણી અહલ્યાબાઈ આ બ્રાહ્મણને ઉદાર દિલે નવાજી દેશ એવી આનંદભરી આશા ત્યાં પ્રગટી હતી.

મહારાણી અહલ્યાબાઈએ શાસ્ત્રીજીને બે હાથ જોડીને ફરીને નમસ્કાર કર્યા, અને પછી ધીમે શાંત દૃઢ અવાજે કહ્યું : 'માણસની સ્તુતિ માણસ કરે ત્યારે સૂતેલું પાપ ઊભું થાય છે. શાસ્ત્રીજી! આ ગ્રંથ મને આપો!'

શાસ્ત્રીજીએ ગ્રંથ અહલ્યાભાઈના હાથમાં આપ્યો. તેમણે તરત એક પરિચારકને કહ્યું : 'આ ગ્રંથને નર્મદાના જળમાં પધરાવી દે! એકદમ દોડ, જા!'

સૌ જોતા રહ્યાં, ને પોતાની પ્રશંસાનો એ મહાગ્રંથ અહલ્યાભાઈએ જળમાં પધરાવી દીધો.

પછી બે હાથ જોડીને શાસ્ત્રીજીને વિનંતી કરી : 'કોઇ ઈશ્વરી મહિમાનો ગ્રંથ લખીને લાવો, શાસ્ત્રીજી! માણસનો મહિમા માણસ ગાય, એમાંથી તો છેવટે એક વધુ પાપ દુનિયામાં પ્રગટે! માણસનો મહિમા ગાનારો પાપી છે. પણ એ મહિમાને જાણીજોઇને પોતાના જમાનામાં ફેલાવી દેનારો તો મહાપાપી છે!'

અહલ્યાબાઈની વાણી સાંભળીને સૌનાં માથાં નીચે નમી ગયાં.

'હું મંદિરો બંધાવું છું—મારી નામના માટે નહિ, મારો શોક ભૂલવા માટે. શોક ભૂલવાનાં બીજાં પણ સાધન છે, તેનો પણ હું ઉપયોગ કરું છું. પરંતુ આ એક વધુ સુંદર સાધન છે; માટે તેનો ખાસ ઉપયોગ કરું છું. ઈશ્વર માણસને શોક એટલા માટે આપે છે કે, એના દ્વારા એ વધુ સુંદર ને પવિત્ર બને. માણસજાતના આનંદ કરતાં વધુ મોટી ભેટ શોકની મળી છે.'

ભગવતી નર્મદાનાં જળ પણ આ વાણીને સાંભળતાં ડોલી ઊઠ્યાં.

લક્ષ્મીને આજે પણ કુપાત્ર વ્યક્તિઓ વહાલી નથી કુપાત્ર વ્યક્તિ પણ હિંમત અને સાહસ કરી ધન કમાય એની સામે લક્ષ્મીને વાંધો નથી હોતો, પણ ધનને જ ધર્મ ગણી એ પ્રપંચી વિલાસી અને ભ્રષ્ટાચારી બને તો એને સજા થવાનું નિમિત્ત પણ લક્ષ્મી જ બનતી હોય છે.



# સમયસર પધારો પ્રભુ(કાવ્ય)

—દક્ષેશ કોન્ટ્રાક્ટર 'ચાતક'

નથી ધારતા શાને? ધારો પ્રભુ,
સુદર્શનનો મહિમા વધારો પ્રભુ.

ધરમ સ્થાપવાની જરૂરત નથી,
દંભી, દુરાચારી, મારો પ્રભુ.

અમારા જ ખાતામાં શાને લખો?
વ્યથા અન્ય નામે ઉધારો પ્રભુ.

દુઃખોને ઉચકવામાં નાનમ નથી,
જરા સુખની બોણી વધારો પ્રભુ.

અમારા કરણ પણ જમુનાનો તટ,
બંસી બજાવી સુધારો પ્રભુ.

તમારા છે, એથી વધુ શું કહું?
હવે અમને મારો કે તારો પ્રભુ.

'ચાતક' છીએ, એથી થઇ શું ગયું?
કદી તો સમયસર પધારો પ્રભુ.

# સેવામૂર્તિ નિવેદિતા ભગિની

—મકરંદ દવે

ડૉક્ટર રાધાગોવિંદ કાર પ્લેગના દરદીઓને તપાસી ઘેર આવ્યા ત્યારે બપોર ચડી ગયા હતા. ચૈત્ર માસનો ધોમ ધખતો હતો. અઢારસો નવ્વાણુંની એ સાલ. કલકત્તામાં પ્લેગ ફાટી નીકળ્યો હતો. બાઘબજારના ગંદા વિસ્તારમાં ફરી ફરીને ડૉક્ટર લોથ થઈ ગયા હતા. ઘેર આવીને થોડી વાર આરામ કરવાની તેમને ઈચ્છા હતી. પણ આજ એમના નસીબમાં આરામ નહોતો. ઘર પાસે આવી એમણે જોયું તો બારણા પાસે જ ધૂળિયાળી ખુરશી નાખીને એક યુરોપિયન સ્ત્રી બેઠી હતી. કોણ હશે? આ ઋતુમાં તો ગોરા લોકો પહાડોમાં ચાલ્યા જાય. એમાંયે પ્લેગનું નામ પડે ત્યારે આ બાજુ ફરકે પણ કોણ? પણ આ સ્ત્રી આકરા તાપની પરવા કર્યા વગર ડૉક્ટરને ઘરઆંગણે બેઠી હતી. તેના ચહેરા પર માતાની ચિંતા હતી અને હૃદયમાં આ ચૈત્રના બપોર કરતાં પણ બળબળતો અજંપ. ડૉક્ટરને જોતાં જ તે એમના ભણી દોડી આવી. ડૉક્ટરના ઝાંખા, થાકેલા મુખ તરફ જોઈ કહ્યું :

'માફ કરજો ડૉક્ટર, તમને વધુ પરેશાન નહીં કરું. મને બાઘબજારના દરદીઓની થોડી માહિતી આપશો?'

ડૉક્ટર એને ઓળખી ગયા. આ તો સિસ્ટર નિવેદિતા. રામકૃષ્ણ, વિવેકાનંદનાં શિષ્યા તરીકે જ માત્ર એમની નામના નહોતી. પોતાની આગવી પ્રતિભાવથી તે ઝળકતાં હતાં. આલ્બર્ટ હૉલમાં ડૉક્ટરે એમનું વ્યાખ્યાન નહોતું સાંભળ્યું?



'કાલી ધ મધર' વિશે કોઈ હિન્દુ પણ આટલા ઊંડાણથી ન કહી શકે. તે દિવસે જ લાગ્યું હતું કે અંગ્રેજ પ્રજા વતી ઉદારતાના હાથ લંબાવીને ભારતના ભિક્ષાપાત્રમાં એ દાનનો ટુકડો આપવા નહોતાં આવ્યાં, પણ અંગ્રેજપણાના તમામ અંચળા ઉતારીને ભારતનું ખોવાયેલું અક્ષયપાત્ર તે ચીંધી રહ્યાં હતાં. સિસ્ટરને જોઈને ડૉક્ટરનું હૃદય પ્રસન્નતાથી ભરાઈ ગયું.

ડૉક્ટરે નિવેદિતાને જોઈતી માહિતી આપી. બાઘબજારના ગરીબ વિસ્તારમાં કેવો રોગચાળો ફાટી નીકળ્યો છે તેનો ખ્યાલ આપ્યો. પ્લેગથી પીડાતા એક બાળકનું વર્ણન કરતાં તો ડૉક્ટરની આંખો પણ ભીની થઈ ગઈ. મા અને બાપને પ્લેગ ભરખી ગયો. ઘરમાં બીજું કાંઈ નહીં, અને અત્યારે એક ગંધાતા, અંધારિયા ઝૂંપડામાં પ્લેગનો અજગર એ કુમળા બાળકને ભરડો લઈ રહ્યો છે. વાત કરતાં કરતાં ડૉક્ટર તરત સાવધ બની ગયા અને નિવેદિતાને સલાહ આપતાં કહ્યું :

'જુઓ સિસ્ટર, તમે આ વિસ્તારમાં ફરો ત્યારે બરાબર સાવચેત રહેજો. તમારા સ્વયંસેવકોને પણ આરોગ્યના નિયમોનું ચુસ્તપણે પાલન કરવાનું કહેજો. નહીં તો આ રોગના જંતુ તેમનો ભોગ લેશે. અને તમારે આવા તાપમાં ધક્કો ખાવાની જરૂર નથી. તમે સવાર, સાંજ દરદીઓ પાસે એકાદ આંટો મારો તો બસ છે. તમને બધી માહિતી હું પહોંચાડતો જઈશ.'

નિવેદિતાએ આભાર માની રજા લીધી. ભૂલેચૂકે પણ ચેપી રોગનો કોઈ દૂત ન રહી જાય એની તકેદારી રાખી ડૉક્ટરે ખદખદતા પાણીમાં કપડાં બોળ્યાં, ઘસીભૂંસીને નાહ્યા, પછી જમ્યા અને આડે પડખે પડતાં તેમને નિવેદિતાના જ વિચારો

આવ્યા કર્યા : પોતાના દેશનાં સંસ્કારબંધનને કોઇ આમ મૂળમાંથી ઉચ્છેદી શકે? વિજેતાનો સર્વ અહંકાર દૂર કરીને કોઇ ગુલામ અને કંગાલ લોકો સાથે આવી અંતરની સગાઇ વણી શકે? આ બાઇને આવી દૃષ્ટિ ક્યાંથી મળી હશે? આવું દૈવત કેવી રીતે સાંપડ્યું હશે? કહે છે કે, બોઝપારા લેનના એક સામાન્ય મકાનમાં એ રહે છે. બ્રહ્મચારિણીના નિયમો પાળે છે. અંગે શ્વેત વસ્ત્રો, રુદ્રાક્ષની માળા અને માથે પિંગલ વાળનો જટાની જેમ બાંધેલો ઊંચો અંબોડો. ઇંગ્લેન્ડમાં તેણે કોઇ ખાસ ઉદ્દેશથી જન્મ લીધો હશે. તેની ખરી ભૂમિ તો હિમાલય લાગે છે. અંગ્રેજોથી અંજાઇ ગયેલા આ દેશના લોકોની નજર ફરી હિમાલયની શિખરો ભણી વાળવા એ કલકત્તાની અંધારી ગલીમાં આંટા મારે છે.

ડૉક્ટર રાધાગોવિંદ આ વિચારોમાં સાંજ પાડી દેત, પણ નિવેદિતાને મળ્યા પછી કર્તવ્યનો સાદ તેમને વધુ જોરથી સંભળાતો લાગ્યો. નમતા બપોરે તે બાઘબજારના ગંદા લત્તા તરફ ઊપડ્યા. પેલા અનાથ બાળકને ત્યાં પગ મૂકતાં એ અવાક્ બની ઊભા રહી ગયા. જોયું તો નિવેદિતા બાળકને ખોળામાં લઇને બેઠાં છે. ધીરે ધીરે પંખો નાખે છે. ડૉક્ટર વધુ પૂછી ન શક્યા :

'તમે? તમે અહીં?'

'હા, તમારે ત્યાંથી સીધી હું અહીં આવી. ડૉક્ટર, જુઓ જોઇએ, ટેમ્પરેચર ઓછું લાગે છે. જુઓ તો!'

ડૉક્ટરે બાળકને તપાસ્યું. તાવ ઓછો હતો પણ પ્લેગની ગાંઠો યમરાજની ચિઠ્ઠી પકડી ઊભી હતી. નિવેદિતા પછી પોતાને ઘેર ન ગયાં. આ ભેજવાળી અને અંધારી ઝૂંપડીમાં રહેવાનું ચાલુ રાખ્યું. રાતદિવસ જાગીને બાળકની ચાકરી કરી. જંતુનાશક દવાથી ઝૂંપડી સાફ કરવામાં આવી ત્યારે નિસરણી મૂકીને તેમણે જાતે દીવાલો સાફ કરી. બાળક મૃત્યુના મુખમાં ધકેલાતું જતું હતું. નિવેદિતા માનો સકળ સ્નેહ નિતારીને ચાકરી કરતાં હતાં. છેવટે નિવેદિતાના ખોળામાં જ બાળકે પ્રાણ છોડ્યા. અનાથ બાળકની આંખો માતૃત્વનાં શીળાં કિરણો ઝીલતી ઝીલતી પોઢી ગઇ.



તેર ઑક્ટોબર ઓગણીસસો અગિયારના રોજ નિવેદિતાએ દાર્જિલિંગમાં મૃત્યુના ખંડમાં પ્રવેશ કર્યો. તેમનું છેલ્લું વાક્ય હતું : 'ક્ષણભંગુર નૌકા ડૂબે છે, પણ પ્રભાતનાં દર્શન હું જરૂર કરીશ.' આ શબ્દોનો ઉચ્ચાર થતાં જ એક સૂર્યકિરણ ખંડને અજવાળતું સરી આવ્યું હતું. નિવેદિતાને યાદ કરતાં, ભારતના તમસઘેરા ખંડમાં હિમગિરિ પરથી સરી આવતું આવું સૂર્યકિરણ તરી રહે છે.

યોગ્ય આચરણથી યોગી બનાય, ભુલોની પરંપરા સર્જતો ભોગી બનાય, અને સંયમનો શિરચ્છેદ કરો તો રોગી બનાય.

કોઇ આરોપ એટલો સશક્ત નથી, જે આત્માની પવિત્રતા સાથે ટકી શકે.

# તૃષ્ણા દુઃખની માતા

—ગુણવંત શાહ

## રામાયણનો સુવર્ણમૃગ બજારમાં ભટકે છે

સંબોધિ પ્રાપ્ત થઈ તે ક્ષણે સિદ્ધાર્થમાંથી બુદ્ધ બનેલા તથાગતના ઉદ્‌ગાર હતા : 'અમૃતનાં દ્વાર ખૂલી ગયાં છે (અપારુતા અમૃતરસ દ્વારા).' આમ નિર્વાણને બારણે ટકોરા દઈને ભગવાન બુદ્ધ પાછા ફર્યા અને લગભગ પચાસ વર્ષ સુધી સામાન્ય માણસ પણ સમજે એવી (પાલિ) ભાષામાં ગામેગામ ફરીને ઉપદેશ આપતા રહ્યા. એમની અપાર કરુણાનું રહસ્ય નિર્વાણ સુધી પહોંચીને માનવતાની માવજત માટે પાછા ફરવામાં રહેલું છે. કરુણા વિના માનવતા ટકી ન શકે. માનવતા છે, તો ધર્મ છે. કરુણા વિના ધર્મોદય શક્ય નથી.

એક વૃદ્ધ માતા પોતાના દીકરા સાથે ગામમાં રહેતી હતી. પાડોશીઓને ત્યાં વાસણ—કપડાં કરીને એ નિર્વાહ કરતી હતી. તેણે એક ગાય રાખી હતી. મા—દીકરાને ભગવાન બુદ્ધ પ્રત્યે ઊંડો શ્રદ્ધાભાવ હતો. મા જબરી કરકસર કરીને એક એક પૈસો બચાવતી હતી. એની ખાસ ઇચ્છા હતી કે પોતાનો દીકરો મોટો થઈને જે વૃક્ષની નીચે તથાગતે તપ કર્યું હતું તે વૃક્ષની યાત્રાએ જાય.

દીકરો મોટો થયો. માતાએ દીકરાને તીર્થયાત્રાએ મોકલતી વખતે કહ્યું : 'બેટા! જીવનભર મજૂરી કરીને બચાવેલી આ રકમ તને આપું છું. વળી આ સોનાનો ટુકડો પણ આપું છું. તેમાંથી તું બુદ્ધ ભગવાનનો દાંત ખરીદજે. સાચવીને રહેજે.'



માતાએ દીકરાને સ્વચ્છ કપડાં પહેરાવ્યાં અને આંસુભરી વિદાય આપી.

દીકરો રૂપાળો હતો અને યુવાન હતો. રસ્તે જતાં એક નગર આવ્યું. દીકરાનું ચંચળ મન બીજી આકર્ષક બાબતોમાં પરોવાયું અને બધી રકમ ખર્ચાઈ ગઈ. સોનાનો ટુકડો પણ ન બચ્યો. સવારે ઊઠ્યો ત્યારે એ બિચારા પાસે માથાના દુખાવા સિવાય બીજું કશું બચ્યું ન હતું. હવે ઘરે પાછા ફર્યા સિવાય કોઈ બીજો ઉપાય ન હતો. માતાની મહેનતની કમાણી ઉડાવી મારી તેથી એ ઘણો નિરાશ થયો. ભૂખ અને તરસ વેઠતો રહીને એ ગામ ભણી પાછો વળી ગયો. પવિત્ર બોધિવૃક્ષની યાત્રા અધૂરી રહી. માતાને શો જવાબ આપવો?

ગામ તરફ જઈ રહ્યો હતો ત્યાં રસ્તામાં એ યુવાનની નજર એક ઘરડા શ્વાન પર પડી. શ્વાન મરેલો હતો અને એના દાંત બહાર આવી ગયા હતા. યુવાન દાંતને અડ્યો ન અડ્યો ત્યાં તો દાંત એના હાથમાં આવી ગયો. એણે એ દાંતને કાગળમાં વીંટાળી લીધો અને ગામ ભણી ચાલવા માંડ્યું. ઘરે પહોંચ્યો ત્યારે માતાના હરખનો પાર ન રહ્યો. દીકરાએ કાગળમાં વીંટેલો પવિત્ર દાંત માતાને આપ્યો. માતા તો હરખના કારણે પાગલ થઈ ગઈ. મહિનાઓ વીત્યા ત્યાં આસપાસનાં ગામોમાં બુદ્ધ ભગવાનના પવિત્ર દાંતની કથા પ્રસરી ગઈ. ઘર આગળ સ્થાનક રચાઈ ગયું અને ચમત્કારોની વાતો વહેતી થઈ.

જેમ જેમ લોકોમાં પોકળ 'દંતકથા' વહેતી રહી, તેમ તેમ દીકરો અંદરથી દુઃખી રહેવા લાગ્યો. છેવટે એનાથી ન રહેવાયું. બધી હિંમત એકઠી કરીને એણે માતાને કહી દીધું : 'એ દાંત બુદ્ધ ભગવાનનો નહીં પણ એક મરેલા શ્વાનનો હતો.' સાચી વાત

કહીને દીકરો તો પાગલની માફક ઘરની બહાર દોડી ગયો. ઘરની બહાર આંગણામાં એક મહાત્મા મૌનપૂર્વક ઊભા હતા. તેઓ એ યુવાન તરફ અપાર કરુણાપૂર્વક જોઈ રહ્યા હતા. અત્યંત મૃદુ અવાજમાં કરુણામૂર્તિ બુદ્ધે યુવાનને કહ્યું : 'એ દાંત મારો જ હતો.' (જીન હ્યુસ્ટન, 'મિસ્ટિકલ ડૉગ્સ')

સમાજમાં અઢળક દ્રવ્ય ધરાવતો અને સુખસગવડનાં આળોટતો ધનપતિ પણ દુઃખી કેમ છે? ભગવાન બુદ્ધે દુઃખના મૂળ વિશે ઊંડું ચિંતન કર્યું છે. દુઃખનું મૂળ તૃષ્ણા છે. શંકરાચાર્યે **મૃગતૃષ્ણા** શબ્દ પ્રયોજેલો. તૃષ્ણા કદી પૂરી થતી જ નથી. એક તૃષ્ણા માંડ પૂરી થાય ત્યાં બીજી તૈયાર જ હોય છે. ધનપતિની તૃષ્ણાનો રાફડો નાનો હોઈ શકે? જેમ રાફડો મોટો તેમ અતૃપ્ત તૃષ્ણાની ઊધઈ વધારે પજવે. નવી કારની ઇચ્છા, નવા બંગલાની ઇચ્છા, નવા સહવાસની ઇચ્છા અને નવી સગવડની ઇચ્છા. માનવીની તૃષ્ણાને તો આકાશ પણ નાનું પડે! રામાયણનો સુવર્ણમૃગ હજી આજની બજારમાં જૂજવે રૂપે ભટકતો રહે છે.

દુઃખ સાર્વત્રિક છે, કારણ કે મૃગતૃષ્ણા સાર્વત્રિક છે. આજકાલ જે રોગોની બોલબાલા છે તે બધા મહદંશે તૃષ્ણાજન્ય રોગો છે. તૃષ્ણા પૂરી ન થાય ત્યારે મનને તાણયુક્ત ખલેલ પહોંચે છે. મનની ખલેલ શરીરને પહોંચે ત્યારે રોગ થાય છે. તૃષ્ણાનું કેન્દ્ર માનવીનું મન છે. દુઃખ પણ મનનો વિષય છે. ગરીબ આદમી નિરાંતે પોતાના ઓટલે ઘસઘસાટ ઊંઘ પામે છે. ધનપતિ વાતાનુકૂલિત ઓરડામાં પણ પલંગ પર આખી રાત પડખાં ફેરવતો રહે છે. બેમાં વધારે ગરીબ કોણ? જેણે એરકન્ડિશનર માટે તૃષ્ણા જ ન રાખી તે માણસ એ સગવડ



નથી તેથી દુઃખી નથી. પ્રત્યેક તૃષ્ણા દુઃખની માતા છે. જગત દુઃખમય છે, માટે કરુણાનુભૂતિ વિના માનવજાત ટકી ન શકે. દુઃખ વગરના માનવજીવનમાં કરુણા અપ્રસ્તુત છે.

કરુણા આખરે શું છે? જ્યારે બીજી વ્યક્તિનું દુઃખ આપણું દુઃખ બની રહે ત્યારે કરુણાનું પવિત્ર ઝરણું વહેતું થાય છે. જે દુઃખ 'આપણું' બન્યું, તે દુઃખ દૂર કરવામાં આપણે આપણી જાત પર ઉપકાર કરતાં હોઈએ છીએ. આમ કરુણા 'બીજા' માનવી પર દયા ખાઈને ઢોળવાની ચીજ નથી. કરુણામાં બીજો માણસ 'બીજો' નથી રહેતો. આવી ઊંચેરી અવસ્થાએ કરુણા પ્રગટ થતી હોય છે. એમાં બીજાનું દુઃખ પરાયું ન રહેતાં પોતીકું બની રહે છે. સાચા સેવકત્વની આધારશિલા આવી કરુણા છે. કરુણામૂર્તિ બુદ્ધ તરફથી માનવજાતને મળેલી આ મહાન ભેટ છે. કરુણા સર્વથા સેક્યુલર છે. એ ઈશ્વરની પણ ઓશિયાળી નથી, કારણ કે એ ઉત્ક્રાંત મનની ચરમ અવસ્થા છે. બુદ્ધ નિરીશ્વરવાદી હતા.

એક માણસ અન્યને મદદરૂપ થવાના શુભ આશયથી પ્રાથમિક સારવારની સામગ્રી સાથે જ રાખતો. દિવસો વીત્યા પણ એને મોકો ન મળ્યો. એક દિવસ એ બસમાં બેઠો હતો ત્યાં કોઈ પ્રવાસીનો પગ ઊતરતી વખતે લપસ્યો. પેલા માણસે તરત જ પ્રાથમિક સારવારની સામગ્રી કાઢી અને સારવાર કરી. એ માણસના મિત્રે કહ્યું : 'મને તારી વૃત્તિ ન ગમી. તારી સામગ્રી ખપ લાગે તે માટે તું આતુર હતો. પેલો પ્રવાસી લપસી પડ્યો ત્યારે તને છૂપો સંતોષ થયો હતો.' કરુણા પણ સહજના સથવારે જ શોભે. કરુણાનુભૂતિ પણ સહજ અનુભૂતિ બની રહે તો તથાગતના આશીર્વાદ પામે.

# રસેશ્વરી

(ગતાંગથી ચાલુ) —શ્રી યોગેશ્વરજી

એ અવસરનો લાભ લઈને અક્રૂર અને કૃતવર્માએ શતધન્વાને ઉશ્કેરેલો.

પોતાના પિતા સત્રાજિતના ઘાતકી મૃત્યુથી સત્યભામા વિલાપ કરવા લાગી.

એણે એ સમાચાર કૃષ્ણ—બળરામને હસ્તિનાપુર પહોંચાડ્યા. એ સાંભળીને કૃષ્ણબળરામ દ્વારકા પાછા ફર્યા.

શતધન્વાએ કૃષ્ણનો સામનો કરવા માટે કૃતવર્મા તથા અક્રૂરની મદદ માગી, પરંતુ કૃષ્ણના સામર્થ્યનું જ્ઞાન હોવાથી એમણે મદદ આપવાની સાફ શબ્દોમાં ના પાડી.

એથી શતધન્વા સ્યમંતક મણિને અક્રૂરને સુપ્રત કરીને ચાલી નીકળ્યો.

કૃષ્ણ ને બળરામે વાયુવેગી અશ્વવાળા રથમાં બેસીને એનો પીછો કર્યો.

મિથિલાનગરીની નજીકના પ્રદેશમાં એક ઉપવનમાં શતધન્વાનો ઘોડો પડી ગયો એટલે એને છોડીને એ પગપાળા જ નાસવા લાગ્યો.

કૃષ્ણ પણ રથમાંથી ઊતરીને એની પાછળ દોડ્યા.

પોતાના તીક્ષ્ણ ધારવાળા સુદર્શનચક્રથી એમણે એનું મસ્તક ધડથી અલગ કર્યું.

પરંતુ એની પાસેથી સ્યમંતક મણિ ના મળવાથી એમને દુઃખ થયું.



કૃષ્ણ કેટલેક વખતે દ્વારકા આવ્યા ત્યારે એમને ખબર પડી કે શતધન્વાને ઉશ્કેરનાર અક્રૂર અને કૃતવર્મા જ હતા. એ ઉપરાંત અક્રૂર દાન તેમ જ યજ્ઞ કરતો એના પરથી એમણે અનુમાન કર્યું કે એની પાસે સ્યમંતક મણિ હોવો જોઈએ.

અક્રૂર ને કૃતવર્મા કૃષ્ણથી ભયભીત બનીને ભાગી ગયા.

કૃષ્ણે અક્રૂરને પાછા બોલાવીને કહ્યું :

'મને ખબર છે કે શતધન્વાએ તમને મણિ આપ્યો છે. એની મદદથી તમે મોટા મોટા યજ્ઞો કરો છો ને દાન આપો છો. મારે તે મણિ નથી જોઈતો. તે ભલે તમારી પાસે રહે. પરંતુ તમે તે બતાવીને બળરામ, સત્યભાષા અને બીજાને શાંતિ આપો.'

અક્રૂરે નિર્ભય બનીને મણિ કાઢી બતાવ્યો.

કૃષ્ણે સૌની આગળ એનું પ્રદર્શન કર્યું.

સૌને એથી આનંદ થયો.

એ પછી એમણે એ મણિ અક્રૂરને આપી દીધો.

અક્રૂરે કહ્યું :

'આ મણિએ આરંભથી માંડીને અત્યાર સુધી ભારે અશાંતિ ફેલાવી છે. એ અમંગલ તો નથી ને?'

કૃષ્ણે કહ્યું :

'એ અમંગલ નથી. માનવ જો નિર્લોભ બને ને એનો ઉપયોગ બીજાના હિત માટે કરે તો એ મંગલ જ છે. તમારી પાસે રહીને એ મંગલ જ થઈ પડશે.'

તે દિવસે સઘળા સમાચાર સાંભળીને રુકિમણીએ જણાવ્યું :

'સ્યમંતક મણિ ઘણો રહસ્યમય લાગે છે.'

'હા.' કૃષ્ણે કહ્યું; 'પણ તારાથી વધારે રહસ્યમય નથી.'

'મારાથી ને સ્યમંતક મણિથી પણ વધારે રહસ્યમય ને મૂલ્યવાન વસ્તુ છે. તે જડ નથી, ચેતન છે.'

'કયી વસ્તુ?'

'રાધા તમે એના વિશેની કરેલી વાતો પરથી એ જુદી જ લાગે છે. તમે એને ભૂલી ગયા?'

'ભૂલી કેવી રીતે જઉં? કદી પણ ના ભૂલી શકું.'

કૃષ્ણ અવાક્ બની ગયા. એમનું મન રાધા પાસે પહોંચી ગયું.

એમની અંતરઆંખ આગળ રાધા રમવા માંડી.

★

## સુદામાનો મેળાપ

રુકિમણીએ કૃષ્ણને પૂછ્યું :

'તમે રાધાને નથી ભૂલી શકતા?'

'કેવી રીતે ભૂલી શકું?' કૃષ્ણે સામેથી પૂછ્યું ને કહ્યું; 'રાધા તો મારું જીવન છે. મારો પ્રાણ છે. એણે મારે માટે ઘણું ઘણું કર્યું છે. મને પ્રેરણાનું પીયૂષ પાયું છે. મારા જીવનમાં પ્રકાશ પાથર્યો છે. હું એને ભૂલું એવું ઇચ્છે છે?'

'બિલકુલ નહીં. રાધાના હૃદયને હું જાણું છું અને એટલે જ એને તમે ભૂલેચૂકે પણ ભૂલી જાવ એવું નથી ઇચ્છતી. એ તો એક દેવી છે. મહાદેવી. આપણી પૃથ્વી પર સ્ત્રીઓ મળે છે પરંતુ રાધાઓ નથી મળતી. રાધા તો અપવાદરૂપ જ છે.'

'સાચું છે, રુકિમણી! મારા જીવનમાં મેં બીજી રાધા નથી જોઇ. એવો પ્રેમ, એવી પવિત્રતા, એવી ભાવના, એવી દૃષ્ટિ અને લાગણી બીજા કોઇનામાં નથી જોઇ. હું એને યાદ કરું કે ના કરું તોપણ મારા જીવનમાં એ અમર છે ને અમર રહેશે.'



'પણ હવે વૃંદાવન ક્યારે જવાના છો? એને મળવાની મને ઇચ્છા થઇ છે.'

'કોઇ વાર એ ઇચ્છા પૂરી થશે પણ ખરી. હું પણ એને એક વાર ફરી જોવા ને મળવા માગું છું.'

રુકિમણી ભાવાર્દ્ર બનીને બોલી :

'એ વખતે મને પણ સાથે લઇ જજો. હું એનાં ચરણોમાં મારી પૂજાનાં પુષ્પો પાથરીશ. એને નિહાળીને ધન્ય બનીશ.'

'જરૂર. પણ તું પણ અવનીમાં અપવાદરૂપ જ છે, રુકિમણી! એ સિવાય તારું હૃદય આવું ઉત્તમ ના હોઇ શકે.'

'તમને તો બધું અપવાદ રૂપ જ લાગવાનું. એમ તો તમે પોતે પણ અપવાદરૂપ ક્યાં નથી? પરંતુ રાધા તો ખરેખર અપવાદરૂપ જ છે. એવી સુકન્યા સંસારમાં બીજી કોઇયે નહીં હોય. એ સુકન્યા હોવાની સાથે સાથે સર્વોત્તમ પ્રકારની પ્રેમિકા છે. હું તો એના ચરણની રજ બરાબર પણ ના કહેવાઉં.'

કૃષ્ણ શાંત રહ્યા.

એ પછી તો કેટલોય વખત વીતી ગયો.

કાળપ્રવાહ પાણીના પ્રબળ પ્રવાહની પેઠે વહેવા લાગ્યો.

એ દરમિયાન અનેક જાતની ઘટનાઓ બની ગઇ.

પ્રાગ્જ્યોતિષપુરનો રાજા ભૌમાસુર ખૂબ જ દુરાચારી હતો. એણે જુદા જુદા પ્રદેશોની સોળ હજાર કન્યાઓને બળજબરીથી પોતાના રાજપ્રાસાદમાં રાખેલી.

એ કન્યાઓના મુક્તિ માટેના બધા જ અનુનયવિનયો વ્યર્થ ગયેલા.

**(ક્રમશઃ)**